Friday 31, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ


# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ, નવસારી, ડાંગ જિલ્લામાં વરસાદનું એલર્ટ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં તા. ૩૦ જુલાઈથી આગામી તા. ૦૧ ઓગસ્ટ સુધીના દિવસોમાં ભારે વરસાદની આગાહીને પગલે એલર્ટ અપાતા વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગયું છે. વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તમામ મામલતદારો, પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો તેમજ સંબંધિત વિભાગોને આગોતરી સાવચેતીના ભાગરૂપે આગોતરા આયોજન સાથે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

તથા જે વિસ્તારોમાં તા.૨૧ થી ૨૩ જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડ્યો હોય અને પૂરથી વધુ પ્રભાવિત થયા હતા તેમજ અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક (૨૪ કલાક) સ્ટાફની ડ્યુટી ગોઠવવા મામલતદારોને જણાવાયું છે.

પારડી વિસ્તાર સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં કોસ્ટ ગાર્ડની બોટ્સ પણ આગોતરી તૈયાર રાખવા અને જરૂરિયાત સમયે તેનો ઉપયોગ કરવા માટે પ્રાંત અધિકારીઓને સંકલન કરવા જણાવાયું છે. એ રીતે જાહેર જનતા, ખેડૂતોને તથા જિલ્લાની ઔદ્યોગિક વાસહતોમાં પણ સતત જાણ કરી સાવચેતી રાખવા વિવિધ સુચનાઓ આપવા નિર્દેશ આપવા સાથે કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે સજ્જ રહેવા જણાવાયું છે.

એ રીતે **હવામાન વિભાગ** દ્વારા ૩૧ જુલાઈના રોજ નવસારી જિલ્લા અને ડાંગ જિલ્લા માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ અગમચેતીની આગાહીને ધ્યાને રાખીને નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા મીડિયાના માધ્યમથી નાગરિકોને સાવચેતી જાળવવા ખાસ અપીલ કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં પણ વહીવટીતંત્ર દ્વારા આગોતરા આયોજનના ભાગરૂપે ગામે ગામ તૈયારીઓ આરંભી છે. અને જલાલપોરના પનાર, દેલવાડા અને મચ્છાડ ગામો તથા ચીજ, દાંતી સહિતના અન્ય ગામોના ઝીંગા તળાવો ખાતે રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ખેરગામ તાલુકામાં પણ સ્થળાંતર કરવા માટે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લાના ગામોમાં સરપંચો, તલાટીઓએ ગ્રામજનો સાથે બેઠક યોજી ભારે વરસાદના સમયે નદીકાંઠાના તથા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને ઈમરજન્સીના સમયે સ્થળાતર કરવા અંગે સમત કર્યા હતા. આ ઉપરાંત ગામોમાં લાઉડ સ્પીકર દ્વારા આગાહી અંગે ગ્રામજનોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

### શુક્રવારે તમામ શાળાઓમાં રજા

હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવતા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી સાવચેતીના ભાગરૂપે તા. ૩૧-૦૭-૨૦૨૬ (શુક્રવાર)ના રોજ વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી, આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલાંરૂપે લેવામાં આવ્યો છે. હોવાનું જિલ્લા શિક્ષણાધિકરી અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જણાવાયું છે. બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે ઓનલાઈન ના માધ્યમથી અથવા અન્ય ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરી બાળકોનું શિક્ષણ કાર્ય ચાલુ રાખવાનું રહેશે.

પૂરગ્રસ્ત વલસાડ અને નવસારી જિલ્લાની મુલાકાતે રાજયના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી

# પૂરથી અસરગ્રસ્ત ખેડૂતોને સત્વરે સહાય માટે ત્વરિત કામગીરી કરો : જીતુ વાઘાણી

**વલસાડ જિલ્લાના મોહનગામ અને પુનાટ તથા નવસારી જિલ્લામાં ગણદેવી તાલુકાના સોનવાડી, સાલેજ અને ગડતની રૂબરૂ મુલાકાત લઈ ખેતીક્ષેત્રે થયેલા નુકશાનીનો તાગ મેળવ્યા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યઉદ્યોગ અને પ્રોટોકોલ મંત્રી જીતુભાઈ વાઘાણીએ તાજેતરમાં ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત વલસાડ અને નવસારી જિલ્લાની મુલાકાત લીધી હતી. જેમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મોહનગામ અને પુનાટ દેડકિયા તળાવ વિસ્તારની મુલાકાત લઈ તેમણે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. એ રીતે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા માટે તેમણે અંબિકા નદી કાંઠે પુર અસરગ્રસ્ત સોનવાડી, સાલેજ અને ગડત ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે વાતચીત કરી સ્થિતિની સમીક્ષા કરી હતી.

મોહનગામ અને પુનાટમાં મંત્રીએ પૂર પ્રભાવિત વિસ્તારોના ખેડૂતો સાથે સીધો સંવાદ કરી નુકસાનીની વાસ્તવિક માહિતી મેળવી હતી. ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કર્યા બાદ, તેમણે જિલ્લા વહીવટીતંત્રને અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક ધોરણે જરૂરી સહાય પહોંચાડવા માટે સત્વરે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. વધુમાં, ખેતીવાડી અધિકારીને ખેતી પાકો અને જમીનને થયેલા નુકસાનનો સઘન સર્વે કરી, આંકડા એકત્રિત કરવા અને નિયમાનુસાર વળતર અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી. જયારે ગણદેવી તાલુકામાં તેમણે નવસારી જિલ્લામાં ગણદેવીની તાલુકાની મુલાકાત દરમ્યાન તેમણે કલેક્ટર મનીષ ગુરવાની પાસેથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત, બચાવ, પુનઃસ્થાપન અને નુકસાનીના સર્વેની વર્તમાન પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી પૂરી મેળવી હતી. અને તમામ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતાં કે દરેક અસરગ્રસ્ત ગામમાં મકાન અને પશુધનના નુકસાનનો સર્વે સંપૂર્ણ પારદર્શક, સચોટ અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવે, જેથી રાજ્ય સરકારના નિયમો મુજબ અસરગ્રસ્તોને સહાયનો લાભ ઝડપથી પહોંચાડી શકાય.

વલસાડ જિલ્લામાં મોહનગામ અને પુનાટની મુલાકાત દરમ્યાન આ મુલાકાત દરમિયાનં તેમની સાથે રાજ્યના નાણા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામ ઉદ્યોગ અને જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રમણભાઈ પાટકર અને ભરતભાઈ પટેલ, જી.પ. પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત સહિતના વહીવટી અધિકારીઓએ ઉપસ્થિત પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જયારે ગણદેવી તાલુકાની મુલાકાત વેળા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, પ્રાંત અધિકારી મિતેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, શાંતિલાલ પટેલ, શૈલેષ હળપતિ, અલ્પેશ નાયક, સંદીપ નાયક સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

### જીતુભાઈ વાઘાણીની વલસાડથી મહત્વની જાહેરાતો

- ખેતીવાડી-બાગાયત પાકોને થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે હાથ ધરવા મુખ્યમંત્રીની સૂચના
- વલસાડ અને નવસારી જિલ્લાના અસરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો, દુકાનદારો માટે આર્થિક પુનઃવસન સહાય જાહેર
- અમદાવાદ અને સુરતની જેમ જ વેપારીઓને રાજ્ય સરકાર દ્વારા સહાય અપાશે
- સર્વે પૂર્ણ થયા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારા-ધોરણો મુજબ ખેડૂતોને સહાય અપાશે
- આગામી બે દિવસ રેડ અને ઓરેન્જ એલર્ટ હોવાથી વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા નાગરિકોને અનુરોધ

વધુ વાંચો પા.નં. ૭ પર

## વલસાડમાં પૂરમાં બગડેલા અનાજના સરકારી જથ્થાનો નાશ

### સસ્તા અનાજની દુકાનોમાં નવો જથ્થો આવ્યા બાદ કાર્ડધારકોને વિતરણ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** તાજેતરમાં વલસાડ શહેરમાં ઔરંગા નદીમાં આવેલા ભયાનક પૂરના કારણે નીચાણવાળા અને નદી કિનારાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે. પૂરના પાણી અનેક ઘરો અને દુકાનોમાં ફરી વળતાં વિપુલ પ્રમાણમાં નુકસાન થયું છે, જેમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાનો પણ બાકાત રહી નથી.

ઔરંગા નદીના કિનારે આવેલા વલસાડ શહેરના પારડી સાંઢપોર, છીપવાડ, તરીયાવાડ, ધોબી તળાવ તથા હનુમાન ભાગડા સહિતના વિસ્તારોમાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં પૂરના પાણી ભરાઈ ગયા હતા. અચાનક પાણી વધી જતાં દુકાનોમાં રાખવામાં આવેલો ઘઉં અને ચોખા સહિતનો હજારો ટન અનાજનો જથ્થો પાણીમાં પલળીને સંપૂર્ણપણે બગડી ગયો હતો.

અનાજ પલળી જતાં જ સંબંધિત દુકાનદારો દ્વારા વલસાડ મામલતદાર અને પુરવઠા વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. પુરવઠા વિભાગની ટીમે સ્થળ પર પહોંચી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. ગ્રાહકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને અને ખરાબ અનાજ વિતરણ ન થાય તે માટે તંત્ર દ્વારા બગડી ગયેલા અનાજના જથ્થાનો સલામત રીતે નાશ કરવામાં આવ્યો હતો.પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, જે દુકાનોમાં અનાજનો જથ્થો બગડ્યો છે તે તમામ દુકાનદારોને વહેલી તકે નવો જથ્થો ફાળવવામાં આવશે. નવો જથ્થો આવી પહોંચ્યા બાદ, જે કાર્ડધારકોનું અનાજ મેળવવાનું બાકી રહી ગયું છે તેઓને નિયમ મુજબ વિતરણ શરૂ કરી દેવામાં આવશે, જેથી સામાન્ય નાગરિકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

## વાપી મનપાએ તાત્કાલીક ફોલ્ડીંગ બોટ ખરીદી





હાલમાં જયારે વરસાદને કારણે એલર્ટ જાહેર કરાયેલા છે ત્યારે અને તાજેતરમાં પૂર પ્રકોપના ભયાનક અનુભવ પછી વાપીમાં પૂર જેવી આપત્તિના બચાવ માટે તાત્કાલીક ધોરણે વાપી મહાનગરપાલિકાએ એક સાથે ૧૨ વ્યક્તિને બચાવી શકાય એવી ફોલ્ડિંગ બોટ ખરીદી છે. આ બોટને મશીનથી હવા ભરી તૈયાર કરવામાં આવે છે. જે બાદ તે હલેસાથી પણ ચલાવાય છે ઉપરાંત મીની જનરેટર મીટરથી પણ ચાલે છે. હાલ આ બોટ નું લાખમદેવ તળાવમાં પરીક્ષણ પણ કરી દેવામાં છે. વાપી મનપાએ કોઈપણ કટોકટીની પરિસ્થિતિ સર્જાય તો નાગરિકો વાપી મહાનગરપાલિકાના ઈમરજન્સી કંટ્રોલ રૂમ નંબર ૦૨૫૦-૨૮૭૫૪૮૦ પર તાત્કાલિક સંપર્ક કરી શકે છે. મહાનગરપાલિકાએ તમામ નાગરિકોને સાવચેત રહી તંત્રના માર્ગદર્શનનું પાલન કરવાની અપીલ કરી છે, જેથી કોઈ જાનહાનિ કે નુકસાન ટાળી શકાય.

## દમણમાં વરસાદથી અસરગ્રસ્તોને વળતર તથા રાહત પેકેજ આપો : કેતન પટેલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૦ :** દમણમાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદ અને જળભરાવને કારણે અસરગ્રસ્ત પરિવારો, વેપારીઓ તથા માછીમારોને તાત્કાલિક વળતર અને રાહત પેકેજ આપવામાં આવે તેવી માંગ સાથે દમણ-દીવ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કેતન પટેલે પ્રશાસક પ્રફુલ પટેલને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ભારે વરસાદને કારણે અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાયા હતા, જેના કારણે ઘરો, દુકાનો, નાના-મોટા વેપાર-ધંધા તેમજ વાહનોને નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત માછીમારોને પણ મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હોવાથી સરકાર દ્વારા વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરી નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરી પરિવારો, વેપારીઓ, નાના ઉદ્યોગકારો અને માછીમારોને વળતર ચૂકવવાની માંગ કરી છે. સાથે જ ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટાળવા માટે

કેતન પટેલે જણાવ્યું કે પ્રશાસને માનવતાના અભિગમ સાથે અસરગ્રસ્ત નાગરિકોને વહેલી તકે રાહત અને જરૂરી સહાય પૂરી પાડવી જોઈએ.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


## નાનાપોંઢા - કપરાડામાં પૂરગ્રસ્તોને રૂા. ૨.૧૬૯૬ કરોડની સહાય ચૂકવાઈ


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૩૦ :** નાનાપોંઢા તાલુકામાં ભારે વરસાદના કારણે સર્જાયેલી આપત્તિ વચ્ચે અસરગ્રસ્તોને સહાઈ આપવા વરસતા વરસાદ,ચેકડેમોમાં. પાણી, ડુંગરાળ વિસ્તાર સહિતની મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તાલુકા વિકાસ અધિકારી અને તલાટી કમ મંત્રીઓની ટીમે જમીની સ્તરે પહોંચીને લોકોની મદદ કરી છે. અત્યાર સુધીમાં રૂ.૨.૧૬૯૬ કરોડની સહાય ચૂકવી દેવાઈ છે, જે અસરગ્રસ્તોને આર્થિક ટેકો આપવામાં ખૂબ મદદરૂપ બનશે.જેમાં માનવ મૃત્યુના કુલ ૫ કેસોમાં અત્યાર સુધી ૨ પરિવારોને ૪.૪ લાખ રૂપિયાની સહાય ચૂકવી દેવાઈ છે.

જ્યારે દસ્તાવેજોની અપુરતતા સહિતના મુદ્દે ૩ પરિવારોની સહાઈ બાકી છે.તો સાથે ૩૫ અસરગ્રસ્ત ગામોમાં ૨૧.૨ લાખનું કેશ ડોલ્સ ચૂકવી દેવાઈ છે.નાનાપોંઢા તાલુકામાં ૫ માનવ મૃત્યુ, ૨૪૩ પશુઓના મોત,૧૪૮ કાચા પાકા મકાનોને નુકશાન ૧૨૧૧ ઘરોમાં ઘર વખરી,કપડાં સહિતને નુકશાન ના રિપોર્ટ કરાયા છે. નાનાપોંઢા ટી.ડી.ઓ.પ્રીતેશ બારિયા એ જણાવ્યુકે અસરગ્રસ્તોને ત્વરિત સહાય મળે તેવા અમારા.પ્રયાસો છે,અત્યાર સુધી ૨.૧૬ કરોડની સહાય ચૂકવી દેવાઈ છે, બીજી તરફ કેટલાક.કિસ્સાઓમાં દસ્તાવેજો બાકી સહિતના મુદ્દે સહાય બાકી છે તે પણ ટૂંકમાં ચૂકવી દેવાશે. જ્યારે કપરાડા તાલુકામાં મકાન સહાય પેટે ૫૧ અસરગ્રસ્તોને ૧૪.૨૭ લાખ,૧ માનવ મૃત્યુ કિસ્સામાં કાર્યવાહી ચાલુ,ઘર વખરી, કપડાં સહાય પેટે ૨.૧૫.લાખ,કેશ ડોલ પેટે ૨૭૭૦૦ હજાર ચૂકવી દેવાયા છે.

## ધરમપુર ડેપોને નવી ૬ મીની બસોની ફાળવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતીનધિ)

**ધરમપુર, તા. ૩૦ :** રાજ્ય સરકાર દ્વારા ધરમપુર એસટી ડેપોને કુલ ૬ નવી મીની બસોની ફાળવણી કરવામાં આવતા આજરોજ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવી બસોના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરીએ લીલી ઝંડી બતાવી બસોને પ્રસ્થાન કરાવ્યું હતું. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના પ્રયાસો અને ભલામણના પરિણામે ધરમપુર ડેપોને આ નવી બસોની ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. ઉપરાંત, આગામી સમયમાં વધુ ચાર નવી મીની બસો પણ ધરમપુર ડેપોને ફાળવવામાં આવશે, જેથી જાહેર પરિવહન વ્યવસ્થા વધુ મજબૂત બનશે.નવિ બસ ના પ્રસ્થાન સમયે ધરમપુર એસટી ડેપોના ડેપો મેનેજર, એસટી વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301


સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191



સાંબેલાધાર વરસાદ અને ખેરગામ વલસાડ તાલુકાના કિનારાના ગામોમાં ભારે નુકસાન થયું હતું. બાદમાં આગાહી હોવા છતાં વરસાદ શાંત થઈ જતાં છેલ્લા પાંચ દિવસથી વરસાદવિહીન વાતાવરણ હોય ખેડૂતોએ રોપણીનું કામ પૂરજોશમાં શરૂ કર્યું છે અને દિવાસો આવે તે પહેલા ખેતી કામમાંથી મુક્તિની આશા સેવે છે.

## વાંસદામાં ઈકોફિક્સ કોલ્ડમિક્સ ટેક્નોલોજીથી રોડ પેચવર્ક શરૂ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા. ૩૦ :** દક્ષિણ ગુજરાતમાં ચોમાસા દરમિયાન અવિરત પડતાં વરસાદના કારણે ગ્રામીણ રસ્તાઓ ધોવાઈ જવાની અને ખાડા પડવાની ગંભીર સમસ્યા સર્જાય છે, જેના કાયમી ઉકેલ માટે નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં પ્રથમવાર નવી અદ્યતન ઈકોફિક્સ કોલ્ડમિક્સ ટેક્નોલોજીથી સમારકામ શરૂ કરાયું છે. હાલમાં વરસાદનું જોર ધીમું થતાં જ ખાનપુરથી બારતાડ રોડ અને મોતીવાલઝરથી દુબળ ફળિયા થઈ લીમઝર રોડ પર આ નવી પદ્ધતિથી પેચવર્ક હાથ ધરાયું છે. આ ટેક્નોલોજીના ઉપયોગથી ચોમાસાની ચાલુ ઋતુમાં પણ રસ્તાઓનું સમારકામ શક્ય બનતાં સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને ખાડારાજમાંથી મોટી રાહત મળશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ગૌરાંગ પટેલના જણાવ્યા મુજબ, ઈકોફિક્સ કોલ્ડમિક્સએ પર્યાવરણ-અનુકૂળ, ટકાઉ અને ગરમ કર્યા વગર સીધો વાપરી શકાય તેવો અદ્યતન ડામર છે, જેને કોઈ પ્લાન્ટ કે બોઈલર વગર થેલીમાંથી કાઢીને સીધો જ ખાડા પર પાથરી શકાય છે. સામાન્ય ડામર પાણીમાં ટકતો નથી, જ્યારે આ મટીરીયલ ભીના કે પાણી ભરાયેલા ખાડામાં પણ મજબૂત પકડ બનાવે છે અને કામ પૂરું થતાં જ તરત ટ્રાફિક ચાલુ કરી શકાય છે. રિસાયકલ કરેલા વેસ્ટ મટીરીયલમાંથી બનેલું આ કોલ્ડમિક્સ ઉત્તમ વોટર રેઝિસ્ટન્સ આપે છે, જેથી વરસાદમાં ખાડા ફરી પડતા નથી. આ ટેક્નોલોજીથી સમય, મજૂરી અને ખર્ચની મોટી બચત સાથે કાયમી અને મજબૂત સમારકામ શક્ય બનશે.

## નવસારી જિલ્લા ભારે વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્ર સતર્ક

**નવસારી, તા.૩૦ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા તા.૩૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન નવસારી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહીના અનુસંધાને સંભવિત પરિસ્થિતિનો અસરકારક રીતે સામનો કરી શકાય તે માટે નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે પૂર્વ તૈયારી અને સાવચેતીના પગલાં અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન તાજેતરમાં જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ દરમિયાન દરેક તાલુકામાં હાથ ધરાયેલી બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરએ વિવિધ અધિકારીઓ પાસેથી સ્થળ પરના અનુભવો, પડકારો અને કામગીરી અંગે રૂબરૂ માહિતી મેળવી આગામી ભારે વરસાદ દરમિયાન વધુ ઝડપી પ્રતિસાદ, અસરકારક સંકલન, જોખમગ્રસ્ત વિસ્તારોમાં પૂર્વ આયોજન, સ્થળાંતર, જરૂરી સાધનસામગ્રીની ઉપલબ્ધતા તથા જનસુરક્ષાને કેન્દ્રમાં રાખી લેવામાં આવનારા પગલાં અંગે સઘન ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કલેક્ટર મનીષ ગુરવાનીએ જિલ્લાના ખાસ કરીને નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા નાગરિકોને ભારે વરસાદ દરમિયાન સંપૂર્ણ સાવચેતી રાખવા, બિનજરૂરી અવરજવર ટાળવા, નદી-નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોની નજીક જવાનું ટાળવા તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું કડક પાલન કરવા અપીલ કરી હતી. સાથે જ તમામ નાગરિકોને વહીવટી તંત્રને સંપૂર્ણ સહયોગ આપવા અનુરોધ કર્યો હતો, જેથી કોઈપણ સંભવિત પરિસ્થિતિમાં અસરકારક કામગીરી કરી રાખી શકાય.

બેઠકમાં જિલ્લાના તમામ -ંત અધિકારીઓ, ડી.વાય.એસ.પી., નાયબ કલેક્ટરઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ સહિતના વહિવટી તંત્રન અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ તેમજ જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગ જી.પં.માં કોંગ્રેસના નેતા તરીકે મંગળભાઈ ગાવીતની નિમણૂંક કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૩૦ :** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા વિસાવદરના ધારાસભ્ય અમિત ચાવડાએ ડાંગ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે સાકરપાતળ જિલ્લા સીટ પરથી ચૂંટાયેલ જિલ્લા સદસ્ય મંગળભાઈ ગાવીતની સત્તાવાર નિમણૂક કરી છે.ડાંગ જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાંથી કોંગ્રેસ પક્ષની ૬ બેઠકો છે. પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ જિલ્લા પંચાયત ખાતે પ્રજાલક્ષી મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કરી જનહિતના પ્રશ્નોના ઉકેલ માટે કોંગ્રેસે મંગળભાઈ ગાવીતને પક્ષના નેતૃત્વની જવાબદારી સોંપી છે. નિયુક્તિ પત્રમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, પૂર્વ ધારાસભ્ય અને હાલનાં જિલ્લા સદસ્ય મંગળભાઈ ગાવીત ડાંગ જિલ્લાના લોકોના પ્રશ્નો, વિકાસલક્ષી મુદ્દાઓ તથા જનહિતના કાર્યો માટે પક્ષની વિચારધારાને અનુરૂપ સક્રિય અને જવાબદાર ભૂમિકા નિભાવશે તેમજ કોંગ્રેસ પક્ષને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.મંગળભાઈ ગાવીતની નિમણૂકથી ડાંગ જિલ્લા કોંગ્રેસ કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. જિલ્લા પંચાયત ખાતે પ્રજાના પ્રશ્નોને વધુ અસરકારક રીતે વાચા મળશે તેવી આશા કાર્યકરો અને સ્થાનિક આગેવાનો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ તેમને નવી જવાબદારી બદલ શુભેચ્છાઓ પાઠવી છે.

## ગણદેવી લાયન્સ ક્લબ દ્વારા પૂર પીડિતોને કપડાં અને બ્લેન્કેટનું વિતરણ કરાયું




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૩૦ :** લાયન્સ ક્લબ ઓફ ગણદેવીના પ્રમુખ જિગ્નાબેન વૈધ અને સભ્યો દ્વારા બુધવારે પ્રશંસનીય માનવતાવાદી કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ક્લબના હોદ્દેદારોએ ધમડાછા અને સરીખુરાદના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે ફરીને પૂર પીડિતોને ૧૭૦ બ્લેન્કેટ, ૧૦૦ ટાવલ, ૫૦ લેડીઝ કુર્તી તેમજ ૫૦-૫૦ શર્ટ-પેન્ટની વિતરણ સેવા પૂરી પાડી હતી. રેલના પાણી ઓસર્યા બાદ ભારે મુશ્કેલીનો સામનો કરી રહેલા જરૂરિયાતમંદ લોકો માટે લાયન્સ ક્લબની આ નાનકડી પણ સમયસૂચક મદદ આશાનું તારણહાર કિરણ બની રહી હતી,અને સમગ્ર વિસ્તારમાં સહાનુભૂતિ તથા માનવતાની સુંદર મહેક પ્રસરાવી ગઈ હતી.

અતિભારે વરસાદની આગાહીના પગલે

## ડાંગ જિલ્લામાં આવતીકાલે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે

**નાગરિકોને સાવચેત રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા, નદી-નાળા કે જળાશયોમાં પ્રવેશ ન કરવા અને જાહેરનામાનો અમલ કરવા અપીલ**

**આહવા, તા.૩૦ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા ડાંગ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે, તા. ૩૦ જુલાઈના રોજ બપોર બાદ ઓરેન્જ એલર્ટ તથા આવતીકાલે, તા. ૩૧ જુલાઈના રોજ રેડ એલર્ટ જાહેર કરાયું છે, જેના કારણે પવન સાથે અતિભારે વરસાદ વરસવાની પૂરેપૂરી સંભાવના છે. પૂર્વતૈયારીના ભાગરૂપે તેમજ વરસાદની આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ અને નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમાર દ્વારા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આવતીકાલે શૈક્ષણિક કાર્ય બંધ રાખી રજા જાહેર કરવામાં આવી છે.

ભારે વરસાદની આગાહીના પગલે કલેક્ટરશ્રી દ્વારા આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં લાઈઝન અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે તેમજ તમામ સ્ટાફને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યો છે. રજા પર ગયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે અને તેઓને ફરજિયાતપણે હેડક્વાર્ટર પર હાજર રહેવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ફોરેસ્ટ, માર્ગ અને મકાન વિભાગ તથા ગૃહ વિભાગના અધિકારીઓ સાથે પરસ્પર સંકલન સાધીને ઓવરટોપિંગ થાય તેવા કોઝવે અને રસ્તાઓ પર પોલીસ તથા હોમગાર્ડના જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે.

કલેક્ટરશ્રીએ ડાંગના તમામ નાગરિકોને સાવચેત રહેવા, બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અને નદી-નાળા વાળા વિસ્તારોમાં ન જવાની અપીલ કરી છે. આ ઉપરાંત -વાસીઓને જળધોધ કે જળાશયોમાં -વેશ ન કરવા, પશુપાલકોને જોખમી જગ્યાએ પશુઓ ન લઈ જવા તેમજ તમામ લોકોને સુરક્ષિત સ્થળે રહેવા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર ખાતેથી અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને કુદરતી આપત્તિ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટને લગતી ઓનલાઈન સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં ડાંગ જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દેવસર નવનાથ ધામમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૩૦ :** ભારતીય સનાતન સંસ્કૃતિની પાવન ગુરુપરંપરાને વંદન કરવાનો મહાપર્વ એટલે ગુરુપૂર્ણિમા. બીલીમોરા સ્થિત પવિત્ર દેવસર નવનાથ ધામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત શ્રદ્ધા, ઉમંગ અને દિવ્ય આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે ભવ્યતાથી ઉજવાયો હતો. આ મંગલ અવસરે દેશ-વિદેશથી ઉમટેલા અસંખ્ય શ્રદ્ધાળુઓએ બ્રહ્મલીન પરમ પૂજ્ય સાનેદાદાના પવિત્ર દર્શન કરી તેમની અમર સ્મૃતિને કોટિ-કોટિ વંદન કર્યા હતાં.

વહેલી સવારથી જ ગુરુપૂજન, ભાવવાહી ભજન-કીર્તન અને મંગલ ધૂનથી સમગ્ર ધામ ભક્તિના અનંત રંગોમાં રંગાઈ ગયું હતું. આ પાવન પ્રસંગે પૂજ્ય છોટેદાદાએ પોતાના પ્રેરણાદાયી ભજન-પ્રવચન અને અમૃતવાણી દ્વારા માનવજીવનમાં ગુરુતત્ત્વના મહિમા તથા સનાતન સંસ્કૃતિના મૂલ્યોનું સિંચન કરી સૌ ભક્તોને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવી હતી. મહોત્સવમાં પધારેલા તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવામાં નવનાથ ધામ સંચાલક મંડળ, દાદા કી સેના, ચંડિકા સેના તેમજ સેવાભાવી ભક્તોએ નિષ્ઠાપૂર્વક સેવાયજ્ઞ આપ્યો હતો. બ્રહ્મલીન પૂજ્ય સાનેદાદાની દિવ્ય ઉપસ્થિતિ અને પૂજ્ય છોટેદાદાના આશીર્વાદથી સંપન્ન થયેલો ગુરુપૂર્ણિમા મહોત્સવ સૌ ભક્તોના હૃદયમાં અવિસ્મરણીય આધ્યાત્મિક પર્વ બની રહ્યો હતો.

ડ્રગ્સ વિરોધી ઝુંબેશમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ

## નવસારી જિલ્લામાં પોલીસ અધિકારીઓને સન્માનિત કરાયા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૩૦ :** નવસારી જિલ્લાને નશામુક્ત બનાવવાના સંકલ્પ સાથે NDPS સંબંધિત ગુનાઓમાં શ્રેષ્ઠ અને પ્રશંસનીય કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ તથા જવાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલ (IPS)ના વરદહસ્તે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સમગ્ર ટીમને રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પોલીસ તંત્ર તરફથી મળેલી આ કદરથી પોલીસ બેડામાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો.

આ પ્રસંગે ડીવાયએસપી એસ. કે. રાય, ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલ, એલસીબી પીઆઈ જાડેજા સહિત નવસારી જિલ્લા પોલીસ કાફલાના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન એસ.પી. રાહુલ પટેલે જણાવ્યું હતું કે આ સન્માન માત્ર કામગીરીનું નથી પરંતુ જવાનોની ફરજ પ્રત્યેની નિષ્ઠા, સમર્પણ અને સમાજને ડ્રગ્સના દૂષણથી મુક્ત કરવા માટેના અવિરત પ્રયાસોની કદર છે. પોલીસની આવી ત્વરિત અને સજાગ કામગીરીથી અસામાજિક તત્વોમાં ફાળ પડી છે.

## ગણદેવી તાલુકામાં પ્રભાવિત માર્ગોની મરામત કરી વાહન વ્યવહાર પૂર્વવત કરાયો



**ગણદેવી, તા.૩૦ :** ગણદેવી તાલુકામાં જુલાઈ માસ દરમિયાન અતિભારે અને ધોધમાર વરસાદના કારણે જનજીવનની સાથે-સાથે માર્ગ અને મકાન સુવિધાઓને નુકસાન પહોંચ્યું હતું. ભારે વરસાદ તથા નદીઓમાં આવેલા પૂરના પાણીના પ્રવાહને કારણે અનેક રસ્તાઓ અને મકાનોને નુકસાન થવા પામ્યું હતું. આ આપત્તિજનક પરિસ્થિતિમાં નાગરિકોની સુવિધા અને સલામતીને સર્વોપરી રાખીને ગણદેવી માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા અત્યંત સરાહનીય અને ત્વરિત કામગીરી કરવામાં આવી છે. ગણદેવી તાલુકા નાં મોરલી, કલમઠા, છાપર, સરીબુજરંગ, વાસણ, વાડી, જેવા ગામોમાં સફાઈ અને ગડત, વેગામ, માણેકપોર જેવા ગામો માં મેટલ, જીએસબી, ઈકોફિક્સ કોલ મિક્સ મટિરિયલ થકી માર્ગોને પુનઃ ધમધમતા કર્યા હતાં.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૩૧-૦૭-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** અષાઢ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૧૪ **સૂર્યાસ્ત** ૦૭ :૧૮, **ચંદ્રોદય** - ૦૮:૩૫ **ચંદ્રાસ્ત** - ૦૮:૨૩ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - ઘનિષ્ઠા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ સકારાત્મક અને ઊર્જાથી ભરપૂર રહેશે. વ્યવસાય કે નોકરીમાં સન્માન અને પ્રગતિના યોગ બની રહ્યા છે. પરિવારના સભ્ય તરફથી પૂરો સહયોગ મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત રહેશે અને અટકેલા કાર્યો ગતિ પકડશે. ઘરની સુખ-સુવિધાઓ પાછળ તમારું ધ્યાન રહેશે.

**મિથુન(ક.છ.ઘ) :** બુધની સ્થિતિથી નાણાકીય લેણ-દેણમાં તમારી બુદ્ધિમત્તા ઉપયોગી સાબિત થશે. કામનો થોડો બોજ અને દોડધામ રહી શકે છે.

**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની કૃપાથી તમારી કમાણી અને કિસ્મત બંને મજબૂત રહેશે. કાર્યક્ષેત્રમાં માન-સન્માન અને સફળતા મળશે.

**સિંહ(મ.ટ.) :** આત્મવિશ્વાસ ઊંચો રહેશે પરંતુ ખર્ચ અને જીવનશૈલી પર ધ્યાન આપવું પડશે. નોકરીમાં નવી જવાબદારીઓ સોંપવામાં આવી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કાર્યસ્થળ પર તમારી મહેનત અને સમર્પણની પ્રશંસા થશે. અનુ બજેટ અને નાણાકીય આયોજનથી ફાયદો થશે.

**તુલા (ર.ત.) :** અટકેલા કાર્યો પૂરા થવાથી મનમાં પ્રસન્નતા રહેશે. વિવેકપૂર્વક કરેલી બચત ભવિષ્યમાં કામ આવશે. કલા, રચનાત્મકતા અને શોખ પાછળ સમય વિતશે. પરિવારજનોનો સહયોગ ઉત્સાહ વધારશે.

**વૃશ્ચિક(ન.ય.) :** વ્યવસાયિક ક્ષેત્રે લીધેલા મક્કમ સંકલ્પોથી લાભ થશે. લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટને પૂર્ણ સ્વરૂપ આપી શકશો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** નિયમબદ્ધ ધન સંચય કરવા પર તમારું વિશેષ ધ્યાન રહેશે. સહકર્મચારીઓનો સહયોગ મળવાથી કામ સરળ બનશે.

**મકર(જ.ખ) :** તમારી કાર્યશૈલી ખૂબ જ વ્યવસ્થિત અને દૂરદર્શી રહેશે. કામની વ્યસ્તતા છતાં અંગત જીવનમાં સંતુલન જાળવવું જરૂરી છે.

**કુંભ(ગ.શ.સ.) :** ચંદ્રના ગોચરથી તમારી નેતૃત્વ ક્ષમતા નિખરશે. કારકિર્દીની જૂની સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આંતરજ્ઞાન મજબૂત બનશે અને મન સકારાત્મક રહેશે. નાણાકીય બાબતોની સતર્કતાથી સમીક્ષા કરવી જરૂરી છે.

## દમણ રેડિયો

आकाशवाणी

102.3 FM

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | 9 | | |
| | 2 | 7 | 6 | 9 | | | 8 | |
| 4 | | | | | | | 6 | |
| | 1 | | | 8 | 4 | 7 | | |
| 2 | | | 5 | | 1 | | | 8 |
| | | 8 | 9 | 6 | | | 2 | |
| | 6 | | | | | | | 2 |
| | 7 | | | 1 | 8 | 5 | 9 | |
| | | 4 | | | | 8 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૩૯નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | 2 |
| 5 | 2 | 1 | 4 | 7 | 8 | 9 | 3 | 6 |
| 6 | 4 | 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 |
| 7 | 3 | 2 | 9 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 6 | 9 | 4 |
| 9 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 2 | 3 |
| 3 | 9 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 5 |
| 2 | 1 | 8 | 6 | 5 | 3 | 4 | 7 | 9 |
| 4 | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | 8 |

## પૂર બાદ જિલ્લામાં ૧૯,૮૦,૯૭૬ લોકોના આરોગ્યની તપાસ કરાઈ




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ તેમજ રોગચાળા અટકાયતી કામગીરી હાથ ધરવામાં આવી છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આરોગ્ય ટીમો સક્રિય થઈ ગઈ છે. જિલ્લામાં કુલ ૧૧૦ ગામ અને વોર્ડ અસરગ્રસ્ત થયા છે, જેમાં કુલ ૪૧,૮૨૮ લોકો પ્રભાવિત થયા છે. આ વિસ્તારોમાં ૭૬૩ મેડિકલ અને પેરામેડિકલ ટીમો કાર્યરત છે, જેમના દ્વારા ૧૯,૮૦,૯૭૬ વસ્તીનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. જિલ્લામાં પૂર પ્રભાવિત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ઝાડા, ઉલટી, શરદી, તાવ અને ખાંસી જેવા લક્ષણો ધરાવતા દર્દીઓની સમયસર તપાસ અને સારવાર સુનિશ્ચિત કરવામાં આવી છે. લોકોના સ્વાસ્થ્ય રક્ષણ માટે પીવાના પાણીના સ્ત્રોતોનું ક્લોરિનેશન કરવામાં આવી રહ્યું છે.

અત્યાર સુધીમાં કુલ ૩,૬૧,૮૮૮ ક્લોરીન ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ પાણીના શુદ્ધિકરણ માટે મોટા પ્રમાણમાં ચૂનાનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઉકાળેલું પાણી પીએ અને સ્વાસ્થ્ય સંબંધિત કોઈપણ સમસ્યા જણાય તો તુરંત જ નજીકના મેડિકલ કેમ્પ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરે.

## મોટી પલસાણમાં બીએસએનએલ ટાવર અઠવાડિયાથી બંધ, ગ્રામજનો મુશ્કેલીમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૩૦ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ મોટી પલસાણ (કરંજલી) ગામમાં આવેલો BSNLનો મોબાઈલ ટાવર છેલ્લા અઠવાડિયાથી બંધ રહેતા હજારો ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ટાવર ક્યારેક થોડા સમય માટે શરૂ થાય છે, પરંતુ ફરી બંધ થઈ જાય છે.

ટાવર સેવા ખોરવાતા વિદ્યાર્થીઓના ઓનલાઈન અભ્યાસ, આરોગ્ય સેવાઓ, બેંકિંગ કામગીરી તેમજ રોજગાર સંબંધિત સંપર્કોમાં ગંભીર અસર પડી રહી છે. શહેરોમાં કામ કરતા પરિવારજનો સાથે વાતચીત થઈ શકતી નથી અને તાત્કાલિક પરિસ્થિતિમાં પણ મદદ માટે સંપર્ક સાધવો મુશ્કેલ બની ગયો



છે. ગ્રામજનોએ અનેક વખત BSNL અધિકારીઓ તેમજ વહીવટી તંત્ર સમક્ષ મૌખિક રજૂઆતો કરી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. સતત ફરિયાદો છતાં જવાબદાર તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોટી પલસાણ અને આસપાસના વિસ્તારમાં BSNL સિવાય અન્ય કોઈ વિશ્વસનીય મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ ન હોવાથી લોકો પાસે કોઈ વિકલ્પ પણ નથી. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ માટે આ સ્થિતિ વધુ ગંભીર બની છે.

ગ્રામજનોએ સરકાર અને BSNL વિભાગને તાત્કાલિક ટાવરનું સમારકામ કરી મોબાઈલ તથા ઈન્ટરનેટ સેવા નિયમિત શરૂ કરવાની માંગ કરી છે. ડિજિટલ ઈન્ડિયાના યુગમાં અંતરિયાળ ગામો હજુ પણ મૂળભૂત ટેલિકોમ સુવિધાથી વંચિત રહેતા હોવાનો આ બનાવ સ્પષ્ટ પુરાવો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

## વલસાડ રેલવે ઓવરબ્રિજ પાસે આડેધડ પાર્કિંગ કરનારાઓ દંડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૩૦ :** વલસાડ રેલવે ઈસ્ટ ઓવરબ્રિજ રેલ્વે પોલીસની સામે છેલ્લા કેટલાક સમયથી આડેધડ ગેરકાયદેસર રીતે બાઈક અને મોપેડ ગેરકાયદેસર રીતે પાર્ક કરી દેવાતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી, જેને ધ્યાને રાખીને આજે સીટી પોલીસની ટ્રાફિક પોલીસની ટીમે અચાનક ત્રાટકીને મોટો દંડકીય ઝુંબેશ હાથ ધરી હતી.



વલસાડ રેલવે સ્ટેશન ના ઈષ્ટ રેલવે યાર્ડમાં જતા ઓવરબ્રિજ પાસે આવેલા રેલ્વે પોલીસ મથક ની સામે છેલ્લા કેટલાક સમયથી નોકરીયાતો, મુસાફરો સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ પોતાની મોપેટ બાઈક આડેધડ પાર્કિંગ કરી જતા હોય છે. જેના કારણે મોગરાવાડી અબ્રામા રેલવે યાર્ડ કે સ્ટેશન પર ટ્રેનમાંથી ઉતરેલા મુસાફરો ભારે પરેશાન થઈ રહ્યા હોવાની ફરિયાદ મળી હતી. જે ફરિયાદના આધારે આજરોજ વલસાડ સીટી પોલીસ ટ્રાફિક પોલીસની ટીમ સ્થળે પહોંચી નો-પાર્કિંગ તેમજ રસ્તા પર અવરોધરૂપ રીતે પાર્ક કરેલા તમામ વાહનો સામે કાયદેસરની પાર્કિંગ મેમો અને દંડની અચાનક કાર્યવાહીના પગલે ગેરકાયદે પાર્કિંગ કરતા વાહનચાલકોમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી.

પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર રસ્તા કે મંદિર આસપાસ અસ્તવ્યસ્ત પાર્કિંગ કરીને ટ્રાફિકમાં અડચણ ઉભી કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આ પ્રકારની સઘન કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.



નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ વાઘલધરા ઓવરબ્રિજ ચઢતી વખતે એક કન્ટેનર નંબર એમએચ ૦૪ એચઆર ૨૦૭૫ ના ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કન્ટેનર ડિવાઈડર ની વચ્ચે જઈ સર્વિસ રોડ પર પડતાં સર્વિસ રોડ બંધ થઈ જવા પામ્યો હતો જોકે આ સર્વિસ રોડ ઉપર કોઈ વાહનોની અવર જવર ના હોય જેના કારણે જાનહાની તળી હતી.

## છીરીમાં પાણીના ક્લોરીનેશન અને રોગચાળા નિયંત્રણ અંગે માર્ગદર્શન અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા તથા લોકોના સ્વાસ્થ્યની સુખાકારી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તાજેતરમાં ઉચ્ચ આરોગ્ય અધિકારીઓ દ્વારા વાપી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છીરી અને તેના કાર્ય વિસ્તારની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાતમાં ડિસ્ટ્રિક્ટ ક્વાલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર તથા વાપીના લાઈઝન ઓફિસર અને ડિસ્ટ્રિક્ટ મેલેરિયા ઓફિસર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ દ્વારા ભ્ણ્દ છીરીની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ફિલ્ડમાં કામ કરતા આરોગ્યકર્મીઓને સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખાસ કરીને ચોમાસામાં દૂષિત પાણીના કારણે ફેલાતા રોગોને રોકવા માટે પીવાના પાણીના સોર્સનું યોગ્ય ક્લોરીનેશન થાય તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના નિયંત્રણ માટે સર્વેલન્સ વધારવા અને અસરકારક કામગીરી કરવા અંગે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

## વટાર હાઈ.માં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** એસ.એસ.બી. ડી હાઈસ્કુલ, વટારમાં તા. ૨૯/૭/૨૬ના રોજ શાળામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુ વંદના, ગુરુ સ્તુતિના શ્લોક તથા ગુરુ મહિમા દર્શાવતા ભજન સાથે કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર સ્પીચ, વાર્તા, અને નાટક રજૂ કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. રજૂ થયેલા ભજન અને શ્લોકોએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આચાર્ય ડૉ. નિખિલભાઈ કે.પટેલે પોતાના સંબોધનમાં ગુરુના જીવનમાં રહેલા મહત્વ, ગુરુ-શિષ્ય પરંપરાના મૂલ્યો અને ગુરુ પ્રત્યે આદરભાવ રાખવાની પ્રેરણા આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન આચાર્યના માર્ગદર્શન હેઠળ શાળાની શિક્ષિકા એશ્વર્યાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અને અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ધરમપુર શ્રી રંગપ્રભાત મંદિરમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૦ :** અષાઢ શુક્લ પૂર્ણિમાના પાવન અવસરે ધરમપુર સ્થિત શ્રી રંગ-ભાત મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભક્તિભાવ અને આધ્યાત્મિક માહોલમાં ઉજવાયો હતો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભાવિક ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ગુરુચરણોમાં વંદન, ભજન, ધૂન અને મંત્રોચ્ચારથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

નિયત કાર્યક્રમ મુજબ સવારે ૬:૧૫ કલાકે ઉષ:પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ ૮:૩૦ કલાકે શણગાર આરતી યોજાઈ હતી. સવારે ૯:૦૦ કલાકે રંગયાગ તથા પાદુકાપૂજન વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લઈ ગુરુચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. જેમાં ઉપસ્થિત ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. ત્યારબાદ સાંજે ૪ કલાકે ધૂન, ૪:૩૦ કલાકે પાલખી યાત્રા તેમજ સાયં પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન ગુરુભક્તિ, ભજન, ધૂન અને મંત્રોચ્ચારથી ધાર્મિક વાતાવરણ છવાઈ ગયું હતું.

ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે એક વિશેષ આધ્યાત્મિક ભેટરૂપે યોગીરાજ રંગ અવધૂત મહારાજ (નારેશ્વર)ના દિવ્ય જીવન પર આધારિત બની રહેલી ફિલ્મના દોઢ મિનિટના ટીઝરનું સવારે ૭ વાગ્યે નારેશ્વર ધામ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૭ વાગ્યે સમગ્ર રંગ અવધૂત પરિવાર દ્વારા વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર એકસાથે ટીઝર પ્રકાશિત કરવામાં આવ્યું, જેને દેશ-વિદેશના ભાવિકોમાં ભારે ઉત્સાહ અને આવકાર મળ્યો હતો.

## તરમાલીયાના સમાજસેવકોએ પુરગ્રસ્તોની વ્હારે આવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦:** પારડી તાલુકાના તરમાલીયા ગામના સમાજસેવક દિનેશભાઈ પટેલ માજી તાલુકા પંચાયત સભ્ય રામુભાઈ પગામના સમાજસેવક દિનેશભાઈ પટેલ માજી તાલુકા પંચાયત સભ્ય રામુભાઈ પટેલ ગામના સરપંચ ના પતિ દિવ્યકાંત પટેલ ત્રણે જણા અંબાજગામમાં જઈને પૂરગ્રસ્ત ને અનાજ સાથે અન્ય જરૂરી મદદ પહોંચાડી સ્વયંભુ માનવતા પ્રગટાવી પૂરગ્રસ્તમાં રાહત મળી છે અંબાજગામના નાયક વાડમાં વિશાળ સંખ્યામાં પૂર ગ્રસ્તોને મદદ પહોંચાડવામાં આવતા લોકોને રાહત મળી છે.

હવે સ્વયંભૂ લોકો પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈને અનાજ સાથે અન્ય જરૂરી મદદ લોકોને પહોંચાડી રહ્યા છે ખરેખર આજના સમાજમાં એક બીજા પ્રત્યે સેવાની ભાવના અભિનંદનના પાત્ર છે.

## વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સર્વરોગ નિદાન ચિકિત્સા કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૩૦ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા જિલ્લા આયુર્વેદ અધિકારી, વલસાડના માર્ગદર્શન હેઠળ આજરોજ ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે નિ:શુલ્ક આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન માનવ ઉત્થાન સેવા સમિતિ, વલસાડ શાખા તથા સરકારી આયુર્વેદ દવાખાના, તીથલના સંયુક્ત ઉપક્રમે માનવ ઉત્થાન સેવા સમિતિ, મોગરાવાડી, કૈલાસ રોડ વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી ઉર્વીબેન પટેલે વિશેષ હાજરી આપી હતી.

તા. ૨૩ જુલાઈએ વલસાડ જિલ્લામાં આવેલા પૂર ને ધ્યાને લઈ આરોગ્યની સંભાળ આયુર્વેદિક ઉપચાર દ્વારા થાય તે માટે રોગપ્રતિરોધક શક્તિ વર્ધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા આયુર્વેદિક ઔષધીય રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ડૉ.ધર્મિષ્ઠા અજય પટેલ, મેડિકલ ઓફિસર, સરકારી આયુર્વેદ દવાખાનું તીથલ દ્વારા સર્વ દર્દીની તપાસ કરી નિ:શુલ્ક સારવાર આપવામાં આવી હતી.

વિવિધ IEC પેમ્પલેટનું વિતરણ પણ કરાયુ હતું. કેમ્પમાં ફાર્માસિસ્ટ દીપિકા પટેલ તથા સેવક ચૈતાલી બરોડિયાએ સેવા આપી હતી. બહોળી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.

## દમણની શાળાઓમાં જળજન્ય રોગો અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૦ :** રાષ્ટ્રીય વેક્ટરજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલા એન્ટી-ડેન્ગ્યુ મહિના નિમિત્તે દમણની તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વેક્ટરજન્ય રોગોથી બચાવ અંગે શપથ લીધી અને જનજાગૃતિનો સંદેશ આપ્યો. દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગણેશ વર્ણેકરે જણાવ્યું કે, શાળાઓમાં



નોડલ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ડેન્ગ્યુ સહિતના વેક્ટરજન્ય રોગો, તેના નિવારણ અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો તેમજ સમાજમાં જવાબદારીની ભાવના વિકસાવવાનો છે.

શિક્ષણ વિભાગ પણ આ અભિયાનમાં સક્રિય સહયોગ આપી રહ્યું છે. વિભાગે તમામ નાગરિકોને વેક્ટરજન્ય રોગોની અસરકારક રોકથામ માટે સ્વચ્છતા જાળવવા અને નિવારક પગલાં અપનાવી આ અભિયાનને સફળ બનાવવા અપીલ કરી છે.

## વાપીમાં તમન્ના મંઝીલનો ગેલેરીનો સ્લેબ તૂટતાં ૮ દિવસથી બંધ માર્ગથી હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીના મુખ્ય બજારમાં આવેલ વર્ષો જૂના તમન્ના મંઝિલ બિલ્ડિંગની બાલ્કનીનો ભાગ નવ દિવસ પહેલાં અચાનક તૂટી પડતાં સલામતીના કારણોસર બિલ્ડિંગની નીચે આવેલી ૧૦ દુકાનો હજુ પણ બંધ છે. ઉપરાંત, વાપી મુખ્ય બજારથી કચીગામ તરફ જતો મુખ્ય માર્ગ પણ બંધ રાખવામાં આવતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



પ્રાપ્ત માહિતી મુજબ, વાપીના મુખ્ય બજારમાં નાસીરભાઈ અને મકસુદભાઈની વર્ષો જૂની ત્રણ માળની તમન્ના મંઝિલ બિલ્ડિંગ જર્જરિત હાલતમાં હોવાથી વાપી મહાનગરપાલિકાએ અગાઉ પણ મકાનમાલિકને બિલ્ડિંગનું રિપેરિંગ કરવા અથવા તેને ઉતારી લેવા અંગે નોટિસ આપી હતી. તેમ છતાં સમયસર કાર્યવાહી ન થતાં ગત ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભારે વરસાદ દરમિયાન બિલ્ડિંગના પ્રથમ અને બીજા માળની ગેલેરીનો ભાગ તૂટી પડ્યો હતો.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦ દુકાનો આવેલી છે અને આ તમામ દુકાનો પાઘડી સિસ્ટમ તેમજ ભાડેથી અપાય છે, જ્યારે પ્રથમ માળે એક હોટલ તેમજ મકાનમાલિકના બે પરિવારો રહે છે. ઘટના બાદ સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાલિકાએ માર્ગ બંધ કરી દીધો છે, જેના કારણે સ્થાનિક વેપારીઓ તેમજ સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોએ વાપી મહાનગરપાલિકા તથા મકાનમાલિકને તમન્ના મંઝિલનું રિપેરિંગ અથવા જરૂરી કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ કરી છે, જેથી બંધ માર્ગ ફરી શરૂ થઈ શકે અને આ માર્ગ ઉપર આવેલ દુકાનદાર તેમજ શાકભાજીનો વેપાર કરતા નાના વેપારીઓ માટે વેપાર-ધંધો ફરી શરૂ થઈ શકે તે અંગેની વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ માંગ કરાવી રહી છે.

## વલસાડ ભીડભંજન મહાદેવ મંદિરમાં ભાજપ અગ્રણીઓએ શિવજી મહારાજના આશીર્વાદ લીધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** ગુરુપૂર્ણિમા એ ગુરુ પ્રત્યય આદર, અને કૃતજ્ઞતા, વ્યક્ત કરવાનો પવિત્ર તહેવાર છે. જે અષાઢ મહિનાની પૂનમ દિવસે ઉજવાય છે. આ દિવસ ને વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે, શિવજી મહારાજ એ જણાવ્યું હતું કે બધા શિષ્યો પર ગુરુની કૃપા બની રહે, આજ રોજ ગુરુપૂર્ણિમાની પૂજા કરવામાં આવે છે. અને ગુરુજીના આશીર્વાદ લેવામાં આવે છે, ભીડભજન મહાદેવના મંદિરના



૧૦૦ વર્ષ પૂર્ણ થયા, અને ગુરુજી બ્રહ્મલીન સદગુરુ દેવ સ્વામી શ્રી અખંડાનંદજી મહારાજ, જેવો શિવજીના ગુરુ છે, તેમની પૂજા અર્ચના કરી આશીર્વાદ લીધા હતા. ગુરુપૂર્ણિમા નિમિત્તે ભાજપના અગ્રણીઓ સોનલ સોલંકી,પ્રવીણા પટેલ, વગેરે સાથે મળી શિવજી મહારાજને સાલ ઓઢાડી, સન્માન કરી જ આશીર્વાદ લીધા હતા.

## વાપીની રાજરાજેશ્વરી વિદ્યામંદિર સ્કુલમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

**વાપી, તા. ૩૦ :** શ્રી રાજરાજેશ્વરી વિદ્યામંદિરમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી. વિદ્યાર્થીઓના જીવનના ઘડતરમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ચેરમેન હિંમતસિંહ જાડેજા, શાળાના પ્રિન્સિપાલ ડૉક્ટર રાજેશ્વરી પરમાર અને કાઉન્સિલર ભારતી બા જાડેજા પણ છોકરાઓને માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રજ્વલનથી કરવામાં આવી. ત્યારબાદ ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ પૂર્ણિમાના



મહત્ત્વ વિશે પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. ઉજવણી દરમિયાન વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ આધારિત શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવ્યા. પ્રી-પ્રાઈમરીના વિદ્યાર્થીઓએ વાર્તા કથન પ્રવૃત્તિમાં ભાગ લીધો.

આ ઉજવણીએ વિદ્યાર્થીઓમાં શિક્ષકો પ્રત્યે આદર, કૃતજ્ઞતા, શિસ્ત અને આજીવન શિક્ષણના મૂલ્યોને વધુ મજબૂત બનાવ્યા. ગુરુ પૂર્ણિમાનો આ કાર્યક્રમ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે યાદગાર, પ્રેરણાદાયી અને અર્થપૂર્ણ અનુભવ સાબિત થયો.

## દમણમાં ડાયરિયા અંગે વિદ્યાર્થીઓ માટે જાગૃત કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૦ :** ગુરુ પૂર્ણિમા અને ઝાડા દિવસ નિમિત્તે મોતી દમણની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ નીતા પટેલ અને હેમલતા પટેલે ગુરુ પૂર્ણિમાના મહત્વ પર પ્રકાશ પાડ્યો, તેમના ગુરુ અને આપણા જીવનમાં તેમના યોગદાન પ્રત્યે આદર વ્યક્ત કર્યો.



શાળાના આચાર્ય પ્રમિલા સોલંકીએ વિદ્યાર્થીઓને સ્વચ્છતાના કારણો, લક્ષણો, નિવારણ અને મહત્વ વિશે શિક્ષિત કર્યા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ વધારવાનો અને તેમને સ્વચ્છ જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

# વિશેષ વાંચન

Friday 31, July 2026
દમણગંગા ટાઈમ્સ


# Mercury: The First Planet



As we all know, according to the IAU (International Astronomical Union), there are eight planets in our solar system; scientists no longer consider Pluto a planet. Thus, starting from the nearest planet to the Sun, they are Mercury, Venus, Earth, Mars, Jupiter, Saturn, Uranus, and Neptune. Mercury is the closest planet to the Sun, yet it is not the hottest. The hottest planet is Venus due to its atmosphere, which keeps the Sun's heat trapped.

Mercury orbits the Sun at an average distance of about 58 million kilometers and takes 88 Earth days to complete one orbit. This planet has almost no atmosphere—only a very thin exosphere. Because of Mercury's small size and mass, its gravity is not strong enough to hold onto an atmosphere, and over the course of time, whatever it had escaped into space.

Mercury is a rocky planet with countless craters on its surface. It resembles the surface of the Moon. Due to its proximity to the Sun and lack of atmosphere, the temperature during the day and night varies extremely. During the day, the temperature rises to as high as 430 degrees Celsius, and during the night, it drops as low as -180 degrees Celsius.




Mercury does not have any moons, nor does it have any rings. The absence of moons can be attributed to its proximity to the sun and its low gravitational force. Despite being the smallest planet and lacking rings and moons, it is a very significant planet. It contributed to establishing Einstein's general theory of relativity because of the precession of its perihelion. Its nearest point in the orbit around the Sun shifts every year, and the amount of shift was accurately predicted by Einstein's general theory of relativity, published in 1915.

Despite such high temperatures, there are areas inside the craters where water ice exists. NASA explored Mercury with its Mariner space mission, launched in 1973. It mapped about 45% of the planet's surface and also discovered a magnetic field around the planet. The presence of a magnetic field indicates that Mercury houses an active, rotating iron core.

NASA launched another space mission in 2004, known as MESSENGER. It mapped 100% of the surface, giving us a complete map of the planet Mercury. It also found evidence of ancient volcanic activity and confirmed the presence of water ice in permanently shadowed polar craters.

To study planet Mercury, scientists had to create special spacecraft due to the extreme temperatures and strong pull of the sun's gravity. Thus, a mission going to Mercury required slowing down as it neared the planet.

In my earlier article, we discussed the orbital speeds of all the planets. A keen reader, Mr. Shailesh Barvaliya from Surat, asked a question: "Most satellites revolve around their parent planet in the direction the planet rotates; then why do certain satellites go in the reverse direction?" Well, as far as I know, every satellite revolves in the direction of its planet's rotation, except for one satellite, Triton, which moves in the opposite direction around the planet Neptune. One logical explanation that scientists consider is that the satellite Triton is a captured satellite, meaning it got trapped while passing by the planet Neptune.

Most satellites and planets revolve in the direction of their parent body because they all formed from the same rotating disk of a huge cloud present at the time of the solar system's formation.

Do write to us with your questions, and I shall try to answer them in my next article. You may write to me at hemalshah8177@gmail.com.

## ઈરાનનાં ખામેનેઈના મૃતદેહને ૪ મહિના સુધી કેવી રીતે સાચવી રખાયો

# મૃતદેહોને વર્ષો સુધી કેવી રીતે સાચવવામાં આવે છે?

ઈરાનનાં ખામેનેઈની હત્યા કર્યા પછી તેમની અંતિમવિધિ ચાર મહિના પછી કરવામાં આવી હતી. તેમના મૃતદેહને ૪ મહિના સુધી કેવી રીતે સાચવી રખાયો હતો.

આમતો મૃતદેહોની લાંબા સમય ને સુધી જાળવણી માટે રાસાયણિક લેપ લગાવવામાં આવે છે.પરંતુ તેની ઈસ્લામમાં મનાઈ હોવાથી મૃતદેહોને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યાં હતાં.

આજે આપણે ભૂતકાળમાં ક્યાં દેશોમાં ક્યાં ક્યાં નેતાઓ, ધર્મગુરુઓ કે અન્યઆવ્યો પ્રતિષ્ઠિત વ્યક્તિનો મૃતદેહ કેટલા લાંબા દિવસ સુધી સુધી કેવી રીતે સાચવી રાખવામાં આવ્યો હતો તેની માહિતીજાણવાનો પ્રયાસ કરશું

.સાથે મૃતદેહ ને લાંબા સુધી સાચવી રાખવામાટેની આધુનિક ટેક્નોલોજી વિશે પણ જાણવાનો પ્રયાસ કરીશું

ઈરાનનાં ખામેનેઈના મૃતદેહને ૪ મહિના સુધી સાચવી રાખ્યા પછી તહેરાન ખાતે અંતિમ દિદાર માટે મૂકવામાં આવ્યો હતો. આપણને

પ્રશ્ન થાય કે ચાર મહિના સુધી મૃતદેહને કેવી રીતે સાચવી રાખ્યો હશે. સામાન્ય રીતે મૃતદેહ એક કે બે દિવસમાં જ સડવા કે ગંધામાં લાગે છે.માટે એનો તરત નિકાલ કરી દેવો પડે છે આમ તો મૃતદેહોની લાંબા સમય ને સુધી જાળવણી માટે રાસાયણિક લેપ લગાવવામાં આવે છે. ઈરાનનાં સર્વોચ્ચ ધર્મગુરુ આયતુલ્લા અલી ખામેનેઈના મૃતદેહને રાસાયણિક એમ્બૅમિંગ નહીં, પણ રેફ્રિજરેટેડ કોલ્ડ સ્ટોરેજ માં સાચવવામાં આવ્યો હતો, કારણ કે ઈસ્લામમાં શબને કાયમી રાખવા માટે રાસાયણો વાપરવાની મનાઈ છે ભૂતકાળમાં ઘણા દેશોમાં કયાં કયાં નેતાઓ ધર્મગુરુઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના મૃતદેહ કેવી રીતે અને કેટલા લાંબા સમય સુધી સાચવવામાં આવ્યા હતા.જેની વિગત જોઈએ.

ફારસ (પ્રાચીન ઈજિપ્ત) ફારો-પુરાતત્વીય મૃતદેહો

પ્રાચીન ઈજિપ્તમાં ફારો, રાણીઓ, ઉચ્ચ અધિકારીઓ (જેમ કે રમેસિસ હેટ્સેપ્સુત, ટુનાટામન,





વગેરેનાં મૃતદેહને લાંબા સમય સુધી સાચવી રાખવામાં આવ્યા હતા. આ મૃતદેહને મમી કહેવામાં આવે છે

જે પણ એક બેવર્ષ નહીં પુરા ૩,૦૦૦-૪,૦૦૦ વર્ષ સુધી સાચવી રાખ્યા હતાં.એ માટે મમીને સાચવવાની આગવી પદ્ધતિ હોય છે.એ માટે પહેલા શરીરનાં આંતરિક અવયવો દૂર કરવા પડે છે.કાળા થઈ ગયેલા મગજનું સડન રોકવા માટે.

એ માટે પાઈન રેઝિન, તેલ, ગુંદર, બેલ્સમ જેવાં રાસાયણોનો મિશ્રણ (embalming mixture) શરીર પર લગાવવામાં આવે છે.લાનિનમાં ગાંઠીઓ કરીને મૃતદેહને ઘેરવાની

આ પ્રક્રિયાને મમીફિકેશન કહેવાય છે. આજે પણ આ મમીઓ સડ્યા વિના પુરાતત્વીય સંગ્રહાલોયોમાં જોવા મળે છે.

અન્ય પ્રાચીન સમાજો અંડીઘ (Inca), મેક્સિકો, ચીનજેવા દેશોમાં કેટલાક પ્રાચીન સમાજોમાં પણ શરીરોને સૂકવવા, રેસિન, ઔષધો અને ખાનક વાપરવાની પ્રથા હતી; પરંતુ ઈજિપ્તની મમીઓ જેટલી લાંબુ સમય તેઓએ સાચવ્યા નથી.

આધુનિક સમયમાં લાંબા સમય સુધી સાચવવામાં આવેલા મૃતદેહો

લેનિન : રશિયા/સોવિયેત

રશિયા (સોવિયેત યુનિયન) માં વ્હલાદિમીર લેનિન કે જેઓ સોવિયેત રશિયાના પ્રથમ શાસક. હતાં. તેઓ ૧૯૨૪ માં મૃત્યુ. પામ્યા હતાં.હજુ પણ ૨૦૨૬ માં મૃતદેહ લેનિનના મેમોરિયલમાં દર્શન માટે મૂકાયો છે. એમના મૃતદેહ સાચવ્યાને ૧૦૦ કરતા વધુવર્ષનો સમય વીતી ગયો છે.

આ લોકો શબને સાચવવા (embalming fluid) દ્વારા પ્રક્રિયા કરે છે.જેમાં શબને વિશિષ્ટ કોલ્ડ સ્ટોરેજ અને સિલીંન્ડરમાં રાખે છે. તાપમાન અને હાઈડ્રેશન કાબૂમાં રાખવામાં




આવે છે આ પ્રક્રિયામાં આલ્કોહોલ, ગ્લિસરીન ફોર્માલ્ડીહાઈડનું દ્રાવણ વગેરેનો ઉપયોગ કરતા હતાં

હૂ ચી મિનવિયેતનામ

વિયેતનામનાં રાષ્ટ્રીય નેતાં હૂ ચી મિન નું ૧૯૬૯ માં મૃત્યુ થયું હતું. હજુ પણ તેમનો મૃતદેહ ચીમિનના મેમોરિયલમાં દર્શન માટે મૂકાયો છે.

એ વાતને ૫૦ વર્ષથી વધુ સમય થયો છે.એમનાં શબને સાચવવા માટે લેનિનની પ્રક્રિયા પ્રમાણે embalming fluid અને કોલ્ડ સ્ટોરેજનો ઉપયોગ કરાયો હતો.

જેમાં શબને ગ્લાસ-કેસકેટમાં રાખી, વિશિષ્ટ તાપમાને નિયંત્રિત કરવામાં આવે છે.

Mao Zedong ચીન

ચીનના રાષ્ટ્રીય નેતા

તેઓ ૧૯૭૬ માં મૃત્યુ પામ્યા હતાં.હજુ પણ માઓ મેમોરીયલ હોલ માં એમનો મૃતદેહ દર્શન માટે મૂકાયો છે.૫૦ વર્ષ થયાં છે.જેમાં લેનિનની પ્રક્રિયા પ્રમાણે embalming fluid + cold storage માં શબને વિશિષ્ટ આઈસ રાખી, તાપમાનને નિયંત્રિત કરવામાં આવે છે.

કિમ ઈલ-સંગ અને કિમ જોંગ-ઈલ કોરિયા (ઉત્તર)

કિમ ઈલ-સંગનું ૧૯૯૪માં મૃત્યુ થયું હતું અને કિમ જોંગ-ઈલ માં ૨૦૧૧ મૃત્યુ પામ્યા હતાં. ૩૦ વર્ષ (કિમ ઈલ-સંગ) અને ૧૫ વર્ષ (કિમ જોંગ-ઈલ) થયાં હતાં.એમાં embalming fluid + cold storage. માં શબને વિશિષ્ટ કાસ્કેટમાં રાખી શબને મેમોરિયલમાં દર્શન માટે મૂકાયો છે.

હ્યુગો છાવેઝ વેનેઝુએલા

હ્યુગો છાવેઝ વેનેઝુએલાના રાષ્ટ્રીય નેતાછે. તેઓ ૨૦૧૩ માં મૃત્યુ પામ્યા હતાં.

હજી પણ એમના મૃતદેહને evolution museum માં drs માટે મૂકાયો છે. જેને ૧૦ વર્ષથી વધુ સમય થયો છે.અન્ય ધર્મગુરુઓ,પ્રતિષ્ઠિત ધાર્મિક વ્યક્તિઓનાં ઉદાહરણો જોઈએ તો રોઝાલિયા લોમ્બાર્ડો ઈટાલીની ૮ વર્ષની બાળકી, ૧૯૨૦ માં મૃત્યુ પામી હતી. તેમના શબને પણ

ઈન્ડોનેશિયાના સુલાવેસીમાં મૃતદેહોને ઘરમાં રાખવાની પ્રથા છે

કેટલાક કિસ્સાઓમાં ૧-૨ વર્ષ, અને કેટલાકમાં ૧૦ વર્ષ શબોને ઘરમાં રાખવામાં આવે છે. શબોને સાલ્ટ, ઔષધો, અને કોલ્ડ સ્ટોરેજ (modern) વાપરવામાં આવે છે.

ધાર્મિક પ્રથા પ્રમાણે, મૃતકોને દફન નહીં કરવામાં આવે છે, પણ ઘરમાં રાખવામાં આવે છે.

મૃતદેહને લાંબા સમય સુધી સાચવી રાખવા માટેની આધુનિક ટેક્નોલોજી

આ ટેક્નોલોજીમાં એમ્બૅમિંગ) - શબને રાસાયણો દ્વારા સાચવવું

embalming એ એક પ્રક્રિયા છે જેમાં શબને રાસાયણો (fluid) દ્વારા સાચવવામાં આવે છે. આ રાસાયણો સડનને રોકે છે. બેક્ટેરિયા અને ફંગસને મારે છે.

શરીરને સૂકવે છે, જેથી તે લાંબુ સમય સાચવે.

embalming fluid માં સામાન્ય રીતે ફોર્માલ્ડેહાઈડનું દ્રાવણ વાપરવામાં આવે છે જે સડન રોકે છે. એ ઉપરાંત ગ્લિસરિન શરીરને સૂકવે છે.સિંક સાલ્ટ બેક્ટેરિયાને મારે છે. આલ્કોહોલ સડન રોકે છે.

બોરાક્સ બેક્ટેરિયાને મારે છે.

આમાએમ્બાલમિંગ fluid વાપરવાથી શબને ૧૦-૫૦ વર્ષ સુધી સાચવવામાં આવે છે.

કેટલાક કિસ્સાઓમાં ૧૦૦ વર્ષ પણ સચવાય છે

કોલ્ડ સ્ટોરેજમાં શબને ઓછા તાપમાનમાં રાખવામાં આવે છે

કોલ્ડ સ્ટોરેજ એ એક એવી પ્રક્રિયા છે જેમાં શબને ઓછા તાપમાનમાં (-10°C to -30°C) રાખવામાં આવે છે.જેમાં શબને ૧ મહિના to 10 વર્ષ સુધી સાચવવામાં આવે છે

(પ્લાસ્ટિનેશન)

શબને પ્લાસ્ટિક દ્વારા સાચવવાની એક આધુનિક પ્રક્રિયા છે. આ સૌને સાચવવા માટે ફોર્માલ્ડીહાઈડ નામનું દ્રાવણ વાપરવામાં આવે છે સબ માંથી પાણી દૂર કરીને પ્લાસ્ટિક પોલીમર ઈજેક્ટ કરવામાં આવે છે plastination વાપરવાથી શબને ૧૦૦ વર્ષ સુધી સાચવવામાં આવે છે. જ્યારે સિંથેટિક સુરક્ષા માં શબને synthetic fluid દ્વારા સાચવવામાં આવે છે

# ભારતની સૌથી મોટી ડિજિટલ વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન' માટે નોંધણી શરૂ

**ધોરણ ૬ થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સ્તરે પોતાની વૈજ્ઞાનિક પ્રતિભા સાબિત કરવાની સુવર્ણ તક : કોઈપણ માધ્યમમાં ધોરણ ૬ થી ૧૧માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લઈ શકશે : રજિસ્ટ્રેશન ઓનલાઈન માધ્યમ દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી રૂ. ૨૦૦ ફી ભરી કરી શકાશે**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારતના વૈજ્ઞાનિક વારસાનું ગૌરવ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા, વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા તેમજ ભાવિ વૈજ્ઞાનિકોને ઓળખી તેમને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા માટે દેશની સૌથી મોટી ડિજિટલ વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૬-૨૭ માટે ઓનલાઈન નોંધણી શરૂ થઈ ગઈ છે.




વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM)નું આયોજન વિજ્ઞાન ભારતી (VIBHA) દ્વારા નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર તથા નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર ના સંયુક્ત સહયોગથી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં શાળાકીય વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવાના હેતુથી શરૂ કરાયેલો આ રાષ્ટ્રીય કાર્યક્રમ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા વ્યક્ત કરાયેલા "Ignited Minds" ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ધોરણ ૬ થી ૧૧ ના વિદ્યાર્થીઓમાંથી વૈજ્ઞાનિક અભિરુચિ, સર્જનાત્મકતા અને સંશોધનક્ષમ વિચારશક્તિ ધરાવતા પ્રજ્વલિત મનોમંથનને ઓળખી તેમની પ્રતભાનું સંવર્ધન કરવાનો છે.

ગુજરાત રાજ્યના VVM રાજ્ય સંયોજક મનસુખ નારિયા અને વલસાડ જિલ્લાના VVM જિલ્લા સંયોજક તથા જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના પ્રજ્ઞેશ ડી. રાઠોડ ના જણાવ્યા મુજબ, VVM માત્ર એક સ્પર્ધાત્મક પરીક્ષા નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક ચિંતન, તાર્કિક વિચારસરણી, પ્રયોગાત્મક અભ્યાસ, ભારતીય વૈજ્ઞાનિક વારસા પ્રત્યે ગૌરવ અને સંશોધન પ્રત્યે રસ વિકસાવતું એક અનોખું રાષ્ટ્રીય અભિયાન છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઉદ્દેશ્યોને અનુરૂપ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને નવીનતા વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, CBSE, ICSE, GSEB સહિત કોઈપણ બોર્ડ તથા કોઈપણ માધ્યમમાં ધોરણ ૬ થી ૧૧માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લઈ શકે છે. નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. નોંધણી ફી રૂ. ૨૦૦/- રાખવામાં આવી છે અને વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે અથવા પોતાની શાળા મારફતે www.vvm.org.in વેબસાઈટ પર ઓનલાઈન નોંધણી કરી શકે છે. VVM-2026 ની ઓનલાઈન પરીક્ષા ૧૬ થી ૨૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. પરીક્ષાનો સમય ૯૦ મિનિટ રહેશે અને તેમાં કુલ ૧૦૦ બહુવિકલ્પીય પ્રશ્નો પૂછવામાં આવશે. પ્રશ્નપત્ર બે વિભાગોમાં વહેંચાયેલ હશે. પ્રથમ વિભાગમાં ભારતનું વિજ્ઞાન ક્ષેત્રે યોગદાન તથા ત્રિશક્તિ વૈજ્ઞાનિકો - અન્ના મણી, અસીમા ચેટર્જી અને રોહિણી ગોડબોલે ના જીવન અને કાર્ય પર આધારિત પ્રશ્નો હશે, જ્યારે બીજા વિભાગમાં NCERT તથા વિવિધ રાજ્યના અભ્યાસક્રમ આધારિત વિજ્ઞાન અને ગણિત સાથે Logic & Reasoning ના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે. પરીક્ષા ગુજરાતી સહિત ભારતની વિવિધ પ્રદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ રહેશે અને તેનું પરિણામ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવશે.

## આ પરીક્ષાની વિશેષતા અને વિદ્યાર્થીઓને શું ફાયદો?

સ્સ્ની વિશેષતા એ છે કે, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન માત્ર લેખિત પરીક્ષા સુધી મર્યાદિત રાખતું નથી. રાજ્ય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને State Level Camp (SLC) માં અને ત્યારબાદ પસંદ થયેલા વિદ્યાર્થીઓને National Camp (NC) માં ભાગ લેવાની તક મળે છે. અહીં તેમની વૈજ્ઞાનિક સમજ, પ્રયોગાત્મક કૌશલ્ય, અવલોકન શક્તિ, નવીનતા, સમસ્યા નિરાકરણ ક્ષમતા તથા નેતૃત્વ ગુણોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ઉપરાંત VVMના વિજેતા વિદ્યાર્થીઓને ISRO, DRDO, CSIR, BARC, IITs, IISERs અને NITs જેવી દેશની અગ્રણી વૈજ્ઞાનિક અને સંશોધન સંસ્થાઓમાં "SRIJAN" તાલીમ-સહ-ઈન્ટર્નશિપ (૧ થી ૩ અઠવાડિયા) કરવાની અનોખી તક મળશે. રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને દર મહિને રૂ. ૨૦૦૦/- ની ભાસ્કર સ્કોલરશિપ પણ એક વર્ષ માટે આપવામાં આવશે. સાથે જ અગ્રણી વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ, વ્યક્તિત્વ વિકાસ, ભારતીય જ્ઞાન પરંપરાનો પરિચય અને દેશભરના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક આદાન-પ્રદાન જેવી અનેક વિશિષ્ટ તકો ઉપલબ્ધ થશે.

## જિલ્લાની તમામ શાળાને આ પરીક્ષામાં જોડાવા આહવાન કરાયું

રાજ્ય સંયોજક મનસુખ નારિયા અને જિલ્લા સંયોજક પ્રજ્ઞેશ ડી. રાઠોડ એ ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ, શાળા સંચાલકો, આચાર્યો, વિજ્ઞાન અને ગણિતના શિક્ષકો, વાલીઓ તથા વિદ્યાર્થીઓને આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રતિભા શોધ કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થી વિજ્ઞાન મંથન માત્ર પરીક્ષા નથી, પરંતુ ભારતના ભાવિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને નવ-વર્તકોને ઘડવાનું એક સશક્ત રાષ્ટ્રીય મંચ છે. વિદ્યાર્થીઓ તથા શાળાઓ વધુ માહિતી, અભ્યાસક્રમ, અભ્યાસસામગ્રી અને ઓનલાઈન નોંધણી માટે www.vvm.org.in ની મુલાકાત લઈ શકે છે.

# ધ્રોલ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળા યોજાઈ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ (GUJCOST) ગાંધીનગર પ્રેરિત અને શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ - ધ્રોલ સંચાલિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર - ધ્રોલ દ્વારા ડી.ઈ.ઓ., ડી.પી.ઈ.ઓ. અને શાસનાધિકારીશ્રી કચેરી - જામનગરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ જામનગર જિલ્લાની શાળાઓના શિક્ષકો માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં ૭૫ જેટલા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ તાલીમ મેળવી હતી. શાળાના બાળ વૈજ્ઞાનિકો આ રાષ્ટ્રીય કક્ષાના પ્લેટફોર્મ પર ઉત્કૃષ્ટ દેખાવ કરે અને તેમના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય કક્ષા સુધી પસંદગી પામે તે માટે શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના આશયથી આ વિશેષ ઓનલાઈન વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

કાર્યશાળામાં જામનગર જિલ્લાના NCSC ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર ડૉ. સંજય પંડ્યા દ્વારા આ વર્ષની મુખ્ય થીમ સુસ્થાયીતા માટે વિજ્ઞાન અને નવીનતા તેમજ તેના પાંચ પેટા-વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

૧.કચરાના વ્યવસ્થાપન માટે R5 ૨.ઊર્જા માટે E4 (અન્વેષણ, પ્રયોગ, વૃદ્ધિ અને વિકાસ)

૩.પાણી સંગ્રહ, ઉપયોગ, રીસાયક્લિંગ અને સંરક્ષણ ૪.ખોરાક, કૃષિ અને સ્વાસ્થ્ય ૫.સુસ્થાયીતા માટે ભારતીય જ્ઞાન પ્રણાલીઓનો ઉપયોગ આ ઉપરાંત, પ્રોજેક્ટની ગુણવત્તા સુધારવા માટે નીચે મુજબના અગત્યના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી.

પ્રોજેક્ટની પસંદગી સ્થાનિક સમસ્યાઓને ઓળખીને તેના પર વૈજ્ઞાનિક ઢબે યોગ્ય પ્રોજેક્ટની પસંદગી કરવી. વૈજ્ઞાનિક પદ્ધતિ અને સંશોધન પ્રોજેક્ટ દરમિયાન સર્વેક્ષણ, પ્રયોગો અને ડેટા કલેક્શન (માહિતી એકત્રીકરણ) કરવાની સાચી રીત.

લોગબુક અને રિપોર્ટ રાઈટિંગ રોજબરોજની કામગીરીની નોંધ માટે લોગબુક તૈયાર કરવી તથા અંતિમ રિપોર્ટ રાઈટિંગના નિયમો. અસરકારક રજૂઆત (Presentation) ચાર્ટ કે સ્લાઈડ્સના માધ્યમથી નિર્ણાયકો સમક્ષ પ્રોજેક્ટની રજૂઆત કરવાની કળા. કાર્યક્રમના અંતમાં એક પ્રશ્નોત્તરી સત્ર (Q&A Session) યોજાયું હતું,

જેમાં શિક્ષકો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નો અને મૂંઝવણોનું ડૉ. સંજય પંડ્યા દ્વારા સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# આંધ્ર પ્રદેશની વિદ્યાર્થીની કુંડલા જેસીની 'ચંદ્ર મિશન' માટે પસંદગી

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

આંધ્ર પ્રદેશના ધવલેશ્વરમની માત્ર ૧૪ વર્ષની કુંડુલા જેસીએ સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે. તેમની પસંદગી ઈન્ટરનેશનલ ગ્લોબલ લૂનાર સેટેલાઈટ મિશન (Mission ShakthiSAT) માટે થઈ છે. જેસી એક સુથાર (કારપેન્ટર)ની દીકરી છે અને પોતાના ગામની Zilla Parishad



Girls High School (ZPGHS)માં ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. સામાન્ય પરિવારમાંથી આવતી હોવા છતાં તેમણે પોતાની મહેનત, આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. જ્યારે તેમને આ આંતરરાષ્ટ્રીય ઓલ-ગર્લ્સ સ્પેસ મિશન વિશે માહિતી મળી, ત્યારે તેમણે તેમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો. શરૂઆતમાં સ્પેસ ટેક્નોલોજી સમજવી અને આંતરરાષ્ટ્રીય સ્તરે અસરકારક રીતે વાતચીત કરવી તેમના માટે પડકારરૂપ હતું. પરંતુ તેમણે હિંમત હારી નહીં. દિવસ-રાત મહેનત કરીને તેમણે સ્પેસ સાયન્સનું ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવ્યું અને સાથે પોતાની સ્પોકન ઈંગ્લિશમાં પણ નોંધપાત્ર સુધારો કર્યો. આ સિદ્ધિ વધુ ગૌરવપૂર્ણ એટલા માટે છે કે વિશ્વના ૧૦૮ દેશોમાંથી આશરે ૧૨,૦૦૦ છોકરીઓએ આ મિશન માટે નોંધણી કરાવી હતી. આ કઠિન વૈશ્વિક પસંદગી પ્રક્રિયામાં સફળતા મેળવીને કુંડુલા જેસીએ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ગૌરવ મેળવ્યો છે. હવે તેઓ નવી દિલ્હીમાં વિશેષ તાલીમ મેળવશે, જ્યાં તેમને સેટેલાઈટ નિર્માણ (Satellite Making) અને લૂનાર ક્યુબસેટ (Lunar CubeSat) પ્રોજેક્ટ અંગે અદ્યતન તાલીમ આપવામાં આવશે. આ સિદ્ધિ એ સાબિત કરે છે કે પ્રતિભા કોઈપણ પરિસ્થિતિની મોહતાજ નથી. ¼ાં ઈચ્છાશક્તિ, સતત મહેનત અને યોગ્ય માર્ગદર્શનથી કોઈપણ વિદ્યાર્થી વિશ્વસ્તરે પોતાની ઓળખ બનાવી શકે છે.

# બ્રહ્માંનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ પ્રકૃતિ દિવસ ઉજવાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આજરોજ વિશ્વ પ્રકૃતિ દિવસ અને સંરક્ષણ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ ફિલ્મ વિશ્વ



પ્રકૃતિ સંરક્ષણ દિવસ વિશેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વસ્થ પર્યાવરણ સ્વચ્છ હવા, સુરક્ષિત પાણી, ખાદ્ય સુરક્ષા અને સમૃદ્ધ જૈવ વૈવિધ્યનું આધાર સ્તંભ છે. પ્રકૃતિનું સંરક્ષણ એ જ આપણા ભવિષ્યનું સંરક્ષણ છે. સંસ્થાના ચેરમેન ગિજુભાઈ ભરાડ પ્રતાપસિંહ ઓરા શ્રધ્ધાબેન કચોટ તથા રીનાબેન મકવાણા દ્વારા પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દમણગંગા ટાઈમ્સ

દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્ક: સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

Friday 31, July 2026

# ઉમરગામ તાલુકા વિશેષ

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૩૯૨૬૯

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

## ઉમરગામમાં મૃતકના પરિવારને રૂા. ૪ લાખનો સહાય ચેક અર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** ઉમરગામ તાલુકામાં તાજેતરમાં પડેલા ધોધમાર વરસાદને કારણે અનેક પરિવારોની ઘરવખરીને ભારે નુકસાન થયું હતું. આ દરમિયાન ઉમરગામ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૬માં રહેતા એક યુવકનું ડૂબી જવાથી દુઃખદ અવસાન થયું હતું. આ સહાય અંતર્ગત ઉમરગામ મામલતદાર કચેરી ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે મૃતકના પરિવારને રૂા.૪ લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવભાઈ કોન્ટ્રાક્ટર, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંક પ્રેસવાલા, મહામંત્રી મનોજભાઈ ઝા, પૂર્વ કોર્પોરેટર સુરેશભાઈ યાદવ, વોર્ડ નં. ૬ના કોર્પોરેટર હસુમતીબેન, પ્રભાબેન સહિત અગ્રણીઓ અને સ્થાનિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉમરગામ તા.પં.માં વર્ગ-૩ના ૬૪માંથી ૨૯ પદ ખાલી

### ત.ક. મંત્રી, જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક સહિત અનેક મહત્વના સંવર્ગોમાં સ્ટાફની અછત : કુલ ૩૫ કર્મચારીઓ ફરજ પર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** તાલુકા પંચાયત કચેરીમાં જિલ્લા પંચાયતના પરિપત્રના આધારે જાહેર કરાયેલા પ્રમાણપત્ર મુજબ તાલુકા પંચાયતના વર્ગ-૩ સંવર્ગમાં કુલ ૬૪ મંજૂર મહેકમ સામે માત્ર ૩૫ જગ્યાઓ ભરાયેલી છે.

જ્યારે ૨૯ જગ્યાઓ હજુ પણ ખાલી હોવાનું સામે આવ્યું છે. જેના કારણે વિવિધ શાખાઓની વહીવટી કામગીરી પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

માહિતી મુજબ તાલુકા વિકાસ અધિકારી, હિસાબનીશ, નાયબ હિસાબનીશ, અધિક મદદનીશ ઈજનેર, આંકડા મદદનીશ સહિતના કેટલાક સંવર્ગોમાં તમામ જગ્યાઓ ભરાયેલી છે. જોકે વિકાસ અધિકારી (પંચાયત)ની ૩માંથી ૧ જગ્યા અને વિકાસ અધિકારી (સહકાર)ની એકમાત્ર જગ્યા ખાલી છે. સૌથી વધુ ખાલી જગ્યાઓ તાલુકા કક્ષાના મંત્રી સંવર્ગમાં જોવા મળી છે, જ્યાં ૩૪ મંજૂર જગ્યાઓ સામે માત્ર ૨૦ કર્મચારીઓ ફરજ બજાવે છે અને ૧૪ જગ્યાઓ ખાલી છે. ઉપરાંત 'સીનિયર કલાર્ક (હિસાબી)'ની ૫માંથી તમામ ૫ જગ્યાઓ ખાલી છે, જ્યારે જુનિયર કલાર્ક (વહીવટ)'ની ૬માંથી માત્ર ૧ જગ્યા ભરાયેલી હોવાથી ૫ જગ્યાઓ ખાલી છે. ડ્રાઈવર (આઉટસોર્સ)'ની ૨માંથી ૧ જગ્યા પણ ખાલી હોવાનું પ્રમાણપત્રમાં દર્શાવવામાં આવ્યું છે.

આટલી મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાના કારણે નાગરિકોને મળતી સરકારી સેવાઓ અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણમાં વિલંબ થવાની શક્યતા ઊભી થઈ છે. સ્થાનિક સ્તરે ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવા માટે માંગ ઉઠી રહી છે.

## ટેમ્ભી ફળિયા આંગણવાડી કેન્દ્રને ભારે નુકશાન

### ૫૦ બાળકોનું શૈક્ષણિક અને પોષણ કાર્ય ખોરવાયું, તાત્કાલિક સહાયની માંગ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** ભારે વરસાદના કારણે આવેલા પૂરમાં ઉમરગામ તાલુકાના બોરલાઇ ગામને ભારે નુકશાન થયું છે. ગામની પંચાયત કચેરી સહિત લગભગ ૮૦ ટકા ઘરોમાં પાણી ભરાયા હતા. આ પૂરમાં ટેમ્ભી ફળિયા ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રનું મકાન ૨ દિવસ સુધી સંપૂર્ણપણે પાણીમાં ડૂબેલું રહ્યું હતું. જેના કારણે મકાનના બારી-દરવાજા, અનાજ, ફર્નિચર, ઈલેક્ટ્રિક સાધનો અને વાયરીંગને વ્યાપક નુકશાન થયું છે. પાણીના વહેણમાં બાળકોના રેકોર્ડ, રજીસ્ટર અને મહત્વના દસ્તાવેજો પણ તણાઈ ગયા છે. હાલ આંગણવાડી કેન્દ્ર બંધ હોવાથી આશરે ૫૦ બાળકોનું શૈક્ષણિક કાર્ય અને પોષણ યોજના સંપૂર્ણપણે અટકી ગઈ છે. આસપાસ બાળકોને બેસાડી શકાય તેવી કોઈ સુરક્ષિત જગ્યા ઉપલબ્ધ ન હોવાથી આંગણવાડીનું તાત્કાલિક સમારકામ અને જરૂરી સામગ્રી પૂરી પાડવી ખૂબ જરૂરી છે.

આથી સ્થાનિક લોકો દ્વારા સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓને બોરલાઇ ગામની ટેમ્ભી ફળિયા આંગણવાડી કેન્દ્રને પુનઃ શરૂ કરવા માટે રાહત સહાય અને જરૂરી સામગ્રી પૂરી પાડવા વિનંતી કરવામાં આવી રહી છે. આપના સહયોગથી ૫૦ બાળકોનું ભવિષ્ય સુરક્ષિત બની શકશે.

## ઉમરગામમાં મુખ્ય માર્ગોની સફાઈ કરી દવા છંટકાવ કરાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** ઉમરગામ નગરપાલિકા તંત્ર એક્શન મોડ માં અતિવૃષ્ટિ બાદ સર્જાયેલી તારાજી માંથી જનજીવન સામાન્ય બને તે દિશામાં નગરપાલિકા તંત્રના કર્મચારીઓને અધિકારીઓ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે જાહેર સ્થળો તથા શાળા અને હોસ્પિટલ તેમજ મુખ્ય માર્ગોની આસપાસ થયેલા પાણીના ભરાવવા અને કાદવ કિચડ વગેરે સ્થળે સાફ-સફાઈ કરી દવા છંટકાવ ની કામગીરી હાથ ધરાઈ.

નુકસાની વળતર માટે વહીવટી કામગીરી પૂર્ણ કરી આશરે ૬૧૦ લોકોને ઘરવખરીના નુકસાન પેટે રૂા.૫,૦૦૦, ૬૧૦ અસરગ્રસ્ત અને કેસ ડોલ પેટે રૂપિયા ૧૮૦૦ મળી કુલ ૪૧ લાખ ૪૮૦૦૦ અને એક માનવ મૃત્યુના કિસ્સામાં રૂપિયા ૪ લાખ સહાય ચૂકવવામાં આવી.સરકાર દ્વારા નિશ્ચિત કરેલ કરેલ સહાય નિર્ધારિત સમયમાં લોકો સુધી પહોંચતા ઉમરગામ શહેર વિસ્તારમાં તંત્રની કામગીરીને લોકો બિરદાવી રહ્યા છેના કહેવડા આર્થિક નુકસાન પરંતુ પાણીના ભરાવાને કારણે રોગચાળો ફાટી ન નીકળે તે માટે ઉમરગામ તાલુકાના તમામ સાત વિસ્તારોમાં જરૂરિયાતના સ્થળે દવા છંટકાવ ની કામગીરી ચીફ ઓફિસર ચંદ્રસિન્હાના માર્ગદર્શન હેઠળ યુદ્ધના ધોરણે થઈ રહી છે. નગરજનોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ જીવન જરૂરિયાત માટેનું પાણી ફિલ્ટર કરી ક્લોરીનેશન સાથે આપવામાં આવી રહ્યું છે. ઉમરગામ નગરપાલિકામાં અતિવૃષ્ટિ બાદ જનજીવન સામાન્ય બન્યું છે. અને તે માટે તંત્ર દ્વારા શું આયોજિત રીતે કરવામાં આવેલી કામગીરી મહત્વની લેખાઈ રહી છે. ઉમરગામ નગરપાલિકા તંત્રની કામગીરીને ધારાસભ્ય રમણભાઈ પાટકરે બિરદાઈ હતી.

## પુનાટ અખંડાનંદ આશ્રમમાં ભાજપ આગેવાનોએ ગુરુપૂજન કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** ઉમરગામ તાલુકામાં ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે ઉમરગામ તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા તથા તાલુકા પંચાયતના સભ્યો તેમજ વિવિધ ગામોના સરપંચોએ પુનાટ સ્થિત અખંડાનંદ આશ્રમની મુલાકાત લીધી હતી.

આશ્રમ ખાતે સૌએ વિધિવત્ ગુરુપૂજન કરી પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ ગુરુના માર્ગદર્શનને જીવનમાં અપનાવવાની સાથે સમાજમાં સેવા, સંસ્કાર અને સદભાવના વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## લેડીસ ઈમ્પાવરમેન્ટ કલબ દ્વારા નારગોલ-સંજાણ વિસ્તારમાં રાહત સામગ્રીનું વિતરણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** અતિવૃષ્ટિ અને પૂરની અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે Ladies Empowerment Club દ્વારા માનવતાભર્યું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

ભિલાડથી અંકલેશ્વર સુધીની ૧૭ કલબોની અંદાજે ૨૭૫ મહિલા સભ્યોએ એકત્રિત થઈ નરગોલ અને સંજાણ વિસ્તારના પૂરગ્રસ્ત ગામોમાં રાહત સામગ્રીનું વિતરણ કર્યું. કુલ ૩૦૦ રાહત કિટો જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવી હતી.આ સમગ્ર પ્રોજેકટમાં ફાઉન્ડર અને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ પુષ્પા ત્રિવેદી, પાસ્ટ ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ રુખસાના, ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ સરિતા તિવારી તેમજ ઉદવાડા અને વાપી સહિતની વિવિધ કલબોના સભ્યોએ સક્રિય સહયોગ આપી સેવા કાર્યને સફળ બનાવ્યુ હતું.

## સરીગામમાં કોરોમંડલ દ્વારા ૪૫૦ અસરગ્રસ્ત પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૦ :** દક્ષિણ ગુજરાત અને વલસાડ જિલ્લાના સરીગામ તેમજ આસપાસના વિસ્તારોમાં છેલ્લા દિવસોમાં પડેલા ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિથી પ્રભાવિત ગ્રામીણ પરિવારોની મદદ માટે ઔદ્યોગિક સંસ્થાન કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડ, સરીગામ આગળ આવ્યું છે. કંપનીએ તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ આપત્તિ રાહત અભિયાન ચલાવીને ૪૫૦ પ્રભાવિત પરિવારોને સૂકા રાશન સામગ્રી (ફૂડ કિટ)નું વિતરણ કર્યું હતું. આ રાહત વિતરણ અભિયાન સ્થાનિક ગ્રામ પંચાયતોના સહયોગથી સરીગામ, ભિલાડ, બોરલાઈ, વાલવડા, નાગવાસ અને અછારી ગામોમાં હાથ ધરવામાં આવ્યું હતું.વિતરણ કરવામાં આવેલી પ્રત્યેક ફૂડ કિટમાં અસરગ્રસ્ત પરિવારો માટે ચોખા, દાળ, ઘઉંનો લોટ, ખાવાનું તેલ, રસોઈ મસાલા, બટાકા અને ડુંગળી જેવી આવશ્યક ખાદ્ય સામગ્રીઓ સામેલ હતી, જેથી કટોકટીની સ્થિતિમાં પરિવારોને ભોજન સંબંધિત મુશ્કેલીનો સામાનો ન કરવો પડે.

આ પ્રસંગે કોરોમંડલ સરીગામના CSR હેડ વિનીત પાંડેએ જણાવ્યું હતું કે, કોરોમંડલ પરિવાર આ મુશ્કેલ સમયમાં તમામ ગ્રામજનો અને સમુદાયની સાથે મજબૂતીથી ઊભો છે. આપત્તિના આ સમયમાં જરૂરિયાતમંદો સુધી રાહત પહોંચાડવી એ આપણી સામાજિક અને નૈતિક જવાબદારી છેં.આ રાહત અભિયાન દરમિયાન કોરોમંડલ કંપનીના અનેક સ્વયંસેવક (વોલન્ટિયર) સાથીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતાં અને વિતરણ કામગીરીમાં સક્રિય યોગદાન આપ્યું હતું. આ સમગ્ર વિતરણ કાર્ય સંબંધિત ગ્રામ પંચાયતોના સરપંચો અને તલાટી (પંચાયત સચિવો)ની ઉપસ્થિતિ અને દેખરેખ હેઠળ સુચારૂ રીતે સંપન્ન થયું હતું. સ્થાનિક ગ્રામજનો અને પંચાયત પ્રતિનિધિઓએ આ મુશ્કેલીના સમયે ત્વરિત સહાય પહોંચાડવા બદલ કોરોમંડલ મેનેજમેન્ટ અને સીએસઆર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉમરગામમાં નાયક પરિવાર અતિવૃષ્ટિથી ઘરવિહોણા બનેલા પરિવારોના વ્હારે આવ્યો

### સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયેલા મકાનોના પરિવારોને પતરા, થાંભલા અને તાડપત્રી આપીને રહેવાની તાત્કાલિક વ્યવસ્થા કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૩૦ :** ઉમરગામ તાલુકામાં અતિવૃષ્ટિને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. ભારે વરસાદના કારણે ઘરવખરીને વ્યાપક નુકસાન થવા ઉપરાંત અનેક મકાનો પણ ક્ષતિગ્રસ્ત બન્યા હતા. અનેક પરિવારો માટે ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિ સર્જાતા તેઓ નિરાધાર બની ગયા હતાં.

આવા કપરા સમયમાં નાયક પરિવારના નરેન્દ્રભાઈ નાયક (લાલાભાઈ), સરપંચ દહાડ અને જિગાભાઈ દોડી આવી અસરગ્રસ્ત પરિવારોની મદદે પહોંચ્યા હતાં. ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને કપડાં સહિત જરૂરી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આજરોજ સંપૂર્ણપણે નુકસાન પામેલા ત્રણ પરિવારોને તાત્કાલિક આશ્રય મળી રહે તે માટે પતરા, થાંભલા અને તાડપત્રીનું વિતરણ કરી રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ સેવાકાર્ય દ્વારા જનસેવા એ જ પ્રભુસેવાના સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરવામાં આવ્યું હતું.

ઉમરગામ તાલુકામાં ૨૪ કલાકમાં અંદાજે ૪૫ ઈંચ જેટલો વરસાદ વરસતા અનેક ગામો અને વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે. જનજીવનને ફરી સામાન્ય બનાવવા માટે ઉદ્યોગકારો, સમાજસેવી સંસ્થાઓ, સરકારી તંત્રના અધિકારીઓ તથા ચૂંટાયેલા જન-તિનિધિઓ દિવસ-રાત અસરગ્રસ્તોને રાહત અને સહાય પહોંચાડવા સતત પ્રયત્નશીલ જોવા મળી રહ્યા છે. સરકાર દ્વારા પણ અસરગ્રસ્ત પરિવારોને સહાય ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આપત્તિના આ સમયમાં ઉમરગામ તાલુકાના સેવાભાવી આગેવાનોએ મહાત્મા ગાંધીજીના પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રેને સાચા અર્થમાં જીવંત બનાવી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને સમાજને પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે.

## ભિલાડ-પલાટપાડામાં ફૂટબોલ ટુર્ના. સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૩૦ :** ભિલાડ-પલાટપાડા ખાતે આયોજિત FCB ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬નો ભવ્ય સમાપન ફાઈનલ મેચ સાથે થયો હતો. ફાઈનલમાં કચીગામ અને નંદીગામની ટીમો આમને-સામને આવી હતી. રોમાંચક અને કાંટાની ટક્કર વચ્ચે રમાયેલી ફાઈનલ મેચમાં કચીગામની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને નંદીગામને પરાજય આપ્યો હતો. આ જીત સાથે કચીગામે FCB ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬નો ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો હતો, જયારે નંદીગામની ટીમ ઉપવિજેતા રહી હતી. સમાપન સમારોહમાં ભાજપ તાલુકા એસ.ટી. મોરચાના સભ્ય નિતેશભાઈ પાટકર, તાલુકા યુવા મોરચાના મહામંત્રી પ્રતીક વારલી તથા કાર્યકર અજિતભાઈ દાદરકરના હસ્તે વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. મહાનુભાવોએ બંને ટીમોના ખેલાડીઓને અભિનંદન પાઠવી રમતગમતની ભાવના જાળવી રાખી ભવિષ્યમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ આપી હતી. ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ભાવેશભાઈ, નિમેષભાઈ, વિમલભાઈ તથા FCB ટીમ, પલાટપાડા (ભિલાડ)'ની કામગીરીને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

## રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા ખતલવાડામાં કપડા અને ઘરવખરી સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૩૦ :** ઉમરગામ તાલુકામાં તાજેતરમાં પડેલી અતિવૃષ્ટિના કારણે અનેક ગામોમાં ભારે નુકસાન થયું હતું. ખતલવાડ ગ્રામ પંચાયત વિસ્તારના તરમોરા ફળિયામાં રહેતા પૂરગ્રસ્ત અને અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ બનવા માટે રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા કપડાં, વાસણો સહિત ઘરવખરીની આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ નિરવ શાહ તેમજ રોટરી ક્લબ ઓફ સરીગામના સભ્યોએ ઉપસ્થિત રહી જરૂરિયાતમંદ પરિવારોને સહાય અર્પણ કરી હતી.

આ પ્રસંગે ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલે રોટરી ક્લબ ઓફ સરીગામ, નિરવ શાહ અને તમામ સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આવી મુશ્કેલ ઘડીમાં મળેલી સહાય અસરગ્રસ્ત પરિવારો માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

## વલસાડ માહિતી કચેરી બની સરકાર અને પ્રજા વચ્ચે મજબૂત સેતુરૂપ ઉમરગામના અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્તો સુધી રાહત સામગ્રી પહોંચાડી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૩૦ :** વલસાડ જિલ્લામાં વર્ષ ૧૯૬૮ બાદ તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ પડેલા અભૂતપૂર્વ વરસાદ અને વિનાશક પૂરના કારણે ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં ભારે તારાજી સર્જાઈ હતી. પૂરના પાણી ઓસર્યા બાદ અનેક પરિવારો ઘરવિહોણા બન્યા હતા, જ્યારે કેટલાક પરિવારો આજે પણ કાદવ-કીચડ વચ્ચે મુશ્કેલીભર્યું જીવન જીવવા મજબૂર બન્યા છે. અસરગ્રસ્તોની કરૂણ સ્થિતિ જોઈ કોઈનું પણ હૃદય દ્રવી ઊઠે તેવી પરિસ્થિતિ વચ્ચે અનેક સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ માનવસેવા માટે આગળ આવ્યા હતાં.

આ જ સંવેદનાને સાકાર કરતાં ગુજરાત સરકારની વલસાડ જિલ્લા માહિતી કચેરીએ વલસાડના સેવા મિત્ર મંડળ અને ઉમિયા સોશિયલ ટ્રસ્ટના સહયોગથી ઉમરગામ તાલુકાના અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામના કુલ ૧૩ ફળિયામાં અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્તો સુધી રાહત સામગ્રી પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવી છે.

વલસાડ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકની ટીમે પૂરગ્રસ્ત વિસ્તારોના કવરેજ દરમિયાન અસરગ્રસ્ત પરિવારોની દયનીય સ્થિતિ નિહાળી તેમને તાત્કાલિક સહાય મળે તે માટે કચેરીના સ્ટાફને શક્ય તેટલી મદદ માટે આહ્વાન કર્યું હતું. કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ પણ તમામ બનતી મદદ કરી હતી. ત્યારબાદ સેવા મિત્ર મંડળના સેવક અક્ષયભાઈ સોની તથા ઉમિયા સોશિયલ ટ્રસ્ટના કેપ્ટન અશોકભાઈ પટેલનો સંપર્ક કરવામાં આવતા બંને સંસ્થાઓએ તાત્કાલિક સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી. જિલ્લા માહિતી કચેરીની ટીમે અંકલાસના આગેવાન રવુભાઈ વળવી, ઝરોલીના સરપંચશ્રી રેખાબેન પટેલ તથા નગવાસના ઉપસરપંચ દિલીપભાઈ સહિતના સ્થાનિક આગેવાનોના સહયોગથી રાહત સામગ્રીનું વિતરણ કરી અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામના કુલ ૧૩ ફળિયામાં રહેતા અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્ત પરિવારો સુધી જરૂરી સહાય પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવી હતી. જિલ્લા માહિતી કચેરીએ આ કામગીરી દ્વારા માત્ર સરકારની યોજનાઓ અને કામગીરીને લોકો સુધી પહોંચાડવાની પોતાની જવાબદારી જ નહીં, પરંતુ સરકાર અને પ્રજા વચ્ચે સંવેદનશીલ તથા વિશ્વસનીય સેતુ તરીકેની ભૂમિકા પણ સફળતાપૂર્વક નિભાવી હોવાનું ચરિતાર્થ કર્યું છે.

### સેવા મિત્ર મંડળ દ્વારા ૮૫૦ સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરાયું



સેવા મિત્ર મંડળ દ્વારા આપવામાં આવેલા અંદાજે ૮૫૦ જેટલા સ્કૂલ યુનિફોર્મનું આંગણવાડી તથા પ્રાથમિક શાળાના બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. નવા યુનિફોર્મ મળતાં બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ઉપરાંત રાહત સામગ્રી અને જીવનજરૂરી ચીજવસ્તુઓ મળતાં અનેક જરૂરિયાતમંદ પરિવારોને મોટી રાહત મળી હતી. સહાય બદલ પૂર અસરગ્રસ્તોએ ગુજરાત સરકાર, જિલ્લા માહિતી કચેરી તેમજ સેવા મિત્ર મંડળ અને ઉમિયા સોશિયલ ટ્રસ્ટ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.


દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 31, July 2026

## સીજેપી/સુપ્રીમ આદેશ

નીટના પેપર લીક પ્રકરણથી રચાયેલી કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ આ મામલે કેન્દ્રના શિક્ષણમંત્રીપદેથી ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાંની માંગ સરકાર પાસે પરાણે મનાવીને વિજય મેળવ્યો છે, પણ આ દરમ્યાન રાજધાની દિલ્હીના જંતરમંતર પર યુવાનોની તીવ્ર બનેલી લાગણીઓ અને તેની સામે પોલીસે લીધેલાં પગલાંની હવે ચોમેર ચર્ચા છે. એક તરફ સીજેપીએ દેખાવકારો સામેના પોલીસ કેસ આટોપી લેવા અને તેમના દેખાવો દરમ્યાન બળપ્રયોગ કરનાર પોલીસ જવાનો - અધિકારીઓની સામે કાર્યવાહી કરવાની ચીમકી આપી છે. સંસદમાં આ મુદ્દો ગાજી રહ્યો છે ત્યારે હવે સર્વોચ્ચ અદાલતે પોલીસ પગલાંની સ્વતંત્ર તપાસની હિમાયત કરી છે. સાથોસાથ સગીર વિદ્યાર્થીઓ અને કોઈ ગુનાહિત ભૂતકાળ ન હોય તેવા અન્ય દેખાવકારોને રાહત આપવાની સૂચના આપી છે. આખા દેશનું ધ્યાન આકર્ષિત કરનાર સીજેપી હવે પોલીસની કાર્યવાહીમાં પોતાના કાર્યકરો ભોગ બન્યાનું જણાવીને જવાબદારો સામે પગલાં લેવા દબાણ ઊભું કરી રહી છે ત્યારે આખા પ્રકરણમાં હવે નવું પરિમાણ ઉમેરાયું છે. દેખાવો દરમ્યાન હુમલાનો ભોગ બનેલા પોલીસના પરિવારજનોએ જવાબદારો સામે પગલાં લેવા સર્વોચ્ચ અદાલતનાં દ્વાર ખટખટાવ્યાં છે. દિલ્હી પોલીસ સૂત્રો તરફથી સાંપડેલી એક વિગત એવી પણ છે કે, સંસદ તરફ કૂચમાં અને દેખાવોમાં અપરાધીક રેકોર્ડ ધરાવતા તત્ત્વો ભળી ગયા હતા અને તેમણે હુમલા-ભાંગફોડ, અરાજકતા ફેલાવવા જેવા કૃત્યો આચર્યા હતા. સુપ્રીમ કોર્ટની ચિંતા એ અનુસંધાને હોવાનું સમજાય છે. ગુનાહિત ભૂતકાળ ધરાવતા હિંસક દેખાવકારોને રાહત ન અપાવાની સર્વોચ્ચ અદાલતની સૂચના તેમને ગળે ઊતરી નથી. સીજેપીએ પોલીસ પર હુમલો કરનાર ગુનાહિત ઈતિહાસ ધરાવતા દેખાવકારોને જવા ન દેવા સામે વાંધો ઉઠાવ્યો છે. સીજેપીએ તમામ દેખાવકારો સામે કેસ પાછા ખેંચવાનો હઠાગ્રહ રાખ્યો છે. સીજેપીએ પોતાના દેખાવો અને ધરણાં શાંતિપૂર્ણ હોવાનું જણાવ્યા પછી સીજેપીએ સર્વોચ્ચ અદાલતની સૂચના સામે વાંધો ઉઠાવવો યોગ્ય નથી. હવે તો ચોંકાવનારી હકીકતો અને આંકડા સામે આવી રહ્યા છે જેમાં આ યુવાનો વચ્ચે ૨,૮૭૩ દેખાવકાર ગુનાહિત ભૂતકાળ કે વર્તમાન ધરાવતા હતા. આમાંથી લગભગ ૯૦૦ એવા હતા જેમની સામે હત્યા, લૂંટ અને દુષ્કર્મ જેવા આરોપ લાગેલા છે. માત્ર દેખાવ કરનાર યુવાનોને દોષમુક્ત કરી દેવાની વાત વ્યાજબી છે, પણ ભૂતકાળમાં ખરડાયેલા લોકોને પોલીસ કેસમાંથી રાહત આપવાની સીજેપીની જીદ ખરા અર્થમાં અરાજક્તાને સીધાં સમર્થન સમાન છે. જંતરમંતરના હિંસક દેખાવોની સ્વતંત્ર તપાસના સર્વોચ્ચ અદાલતના આદેશને આવકારવો જોઈએ. દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જશે. બાકી સપ્રીમ કોર્ટ સર્વોચ્ચ છે, એને કેમ કોઈ સૂચન આપી શકે.

# ગુજરાતમાં આગામી ૪ દિવસ ભારે વરસાદની આગાહી

### વહીવટી તંત્રને સજ્જ કરાયું છે, અધિકારીઓની રજાઓ રદ કરાઈ : NDRF-SDRF ટીમો તૈનાત કરાશે, આર્મી, નેવી અને એરફોર્સને સ્ટેન્ડબાય રખાઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૩૦

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત માટે આગામી ૪ દિવસ આફત સમાન છે. આગામી ૩૧ જુલાઈથી ૨ ઑગસ્ટ દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિતના વિસ્તારોમાં હાઈ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રાખવાના હેતુથી ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર -SEOC ખાતે એક સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં પ્રભાવિત થઈ શકે તેવા તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે હાલની પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની પૂર્વ તૈયારીઓની ઉંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કલેક્ટર તથા ઉચ્ચ અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સીધો સંવાદ સાધ્યો હતો.

સમીક્ષા બાદ પ્રભાવિત તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જિલ્લામાં 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને એક વર્ગ-૧ અધિકારીને રાઉન્ડ ધ ક્લોક સુપરવિઝન માટે તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે. નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ NDRF અને SDRFની ટીમોને ત્વરિત તૈનાત કરવા જણાવાયું છે. અત્યંત કટોકટીની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે ભારતીય સેનાની ત્રણેય પાંખો(આર્મી, નેવી અને એરફોર્સ)ને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અધિક મુખ્ય સચિવે કહ્યું છે કે સ્થાનિક સ્તરે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત જિલ્લા કલેક્ટરઓ શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરવા અંગે યોગ્ય નિર્ણય લઈ શકશે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં પૂર કે પાણી ભરાવાની સંભાવના વધુ હોય ત્યાંથી નાગરિકોને સમયસર અને સુરક્ષિત રીતે આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવા સૂચના આપવામાં આવી છે. આ આશ્રયસ્થાનોમાં નાગરિકો માટે ભોજન, શુદ્ધ પીવાનું પાણી અને જરૂરી તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે.

સાથે જ, વરસાદની પરિસ્થિતિ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંગે નાગરિકો સુધી સાચી માહિતી પહોંચે તે માટે મીડિયા સાથે સતત વિગતો શેર કરવા પણ કલેક્ટરોને સૂચના આપી છે. આ ઉપરાંત રાહત કમિશનરે જણાવ્યું હતું કે, રાજ્યમાં જોખમી હોર્ડિંગ્સ, બેનર્સ અને સાઈનબોર્ડ્સને તાત્કાલિક અસરથી હટાવીને તે વિસ્તારોને સુરક્ષિત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તેજ પવન કે વાવાઝોડાને કારણે જર્જરિત મકાનો અથવા જોખમી બાંધકામોથી નાગરિકોને કોઈ હાનિ ન પહોંચે તે માટે જરૂરી તમામ સલામતીના પગલાં લેવા વહીવટી તંત્રને જણાવાયું છે. હાલમાં સમગ્ર સરકારી મશીનરીને 'ઍલર્ટ મોડ' પર મૂકી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આપત્તિજનક વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને રાહત કમિશનરે રાજ્યના તમામ નાગરિકોને અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ પણ કરી હતી.

હવામાન વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા સહિત ૧૩ જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેને જોતાં વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે ૩૧મી જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદ અને વડોદરામાં તમામ શાળા-કૉલેજોમાં રજા જાહેર કરાઈ છે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ તેમજ કૉલેજોમાં શૈક્ષણિક કાર્યબંધ રહેશે. વાલીઓ-વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવા તાકીદ કરાઈ છે. અન્ય જિલ્લામાં પણ કલેક્ટરને સ્થિતિ મુજબ નિર્ણય લેવા સરકારે આદેશ આપ્યો છે.

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ૩૧ જુલાઈ રાજ્ય માટે સૌથી વધુ ચિંતાજનક દિવસ બની શકે છે. અમદાવાદ સહિત ૧૧ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદની શક્યતા છે. ખાસ કરીને નર્મદા જિલ્લામાં ભારેથી અસાધારણ અત્યંત ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

## રાજ્યસભા બાદ લોકસભામાં પણ વંદે માતરમના અપમાનને ગુનાહિત કરતું બિલ પસાર

(જી.એન.એસ) તા. ૩૦
નવી દિલ્હી,

રાજ્યસભા પછી, લોકસભાએ પણ ગુરુવારે રાષ્ટ્રગીત 'વંદે માતરમ' ના અપમાનને ફોજદારી ગુનો બનાવવા માટે એક બિલ પસાર કર્યું છે. આ બિલ હવે કાયદાકીય કાયદો બનવા માટે રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે. અગાઉ, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં કહ્યું હતું કે, "વંદે માતરમ બિલ ફક્ત એક સામાન્ય બિલ નથી પરંતુ ભારતની આત્મા, રાષ્ટ્રીય જાગૃતિ અને સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ કરે છે અને આપણને સ્વતંત્રતા સંગ્રામની યાદ અપાવે છે."

વંદે માતરમ બિલનો વિરોધ કરવા બદલ કોંગ્રેસ પર નિશાન સાધતા મંત્રીએ કહ્યું, "મને ખબર નથી કે થોડા લોકો વંદે માતરમનો વિરોધ કેમ કરી રહ્યા છે, અથવા કોંગ્રેસ ખાસ કરીને વંદે માતરમનો વિરોધ કેમ કરી રહી છે. આ બિલ દ્વારા રાષ્ટ્રગીતનું અપમાન કરવા માટે દંડની જોગવાઈઓ કરવા અંગે ચર્ચા થઈ છે. વંદે માતરમનો વિરોધ કરવાનો અર્થ એ છે કે કોંગ્રેસ હંમેશા તુષ્ટિકરણની નીતિ અપનાવીને આ દેશના ગૌરવનું અપમાન કરવાનું કામ કરી રહી છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો શા માટે વિરોધ કરી રહ્યા છે?"

વંદે માતરમના અપમાન માટે પ્રસ્તાવિત સજા શું છે? પ્રસ્તાવિત કાયદા હેઠળ, કોઈપણ વ્યક્તિ જે ઈરાદાપૂર્વક વંદે માતરમનું અપમાન કરે છે અથવા ઈરાદાપૂર્વક તેના ગાનમાં અવરોધ ઊભો કરે છે તેને આનો સામનો કરવો પડી શકે છેઃ ત્રણ વર્ષ સુધીની કેદ દંડ અથવા કેદ અને દંડ બંને વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે વર્ષભર ચાલતી ઉજવણીના ભાગ રૂપે સરકાર આ બિલ લાવી રહી છે. વંદે માતરમના ગાન માટે પ્રસ્તાવિત માર્ગદર્શિકા બિલમાં રાષ્ટ્રીય ગીતના ગાન અંગે માર્ગદર્શિકાઓનો સમૂહ પણ રજૂ કરવામાં આવ્યો છે. આમાં શામેલ છેઃ- તે બધા સરકારી કાર્યક્રમોમાં ગાવું જોઈએ. તે સત્તાવાર કાર્યક્રમો શરૂ થાય તે પહેલાં ગાવું જોઈએ. બધા છ શ્લોક રજૂ કરવા જોઈએ. સંપૂર્ણ ગાન લગભગ ૩ મિનિટ અને ૧૦ સેકન્ડનો સમય લેવો જોઈએ. જ્યારે તે ગાવામાં આવે ત્યારે લોકોએ ધ્યાન કેન્દ્રિત સ્થિતિમાં રહેવું જોઈએ. શાળાઓએ સવારની પ્રાર્થના પહેલાં વંદે માતરમ વગાડવું જોઈએ અથવા ગાવું જોઈએ. વંદે માતરમ કોણે લખ્યું? વંદે માતરમ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત હતું. આ રાષ્ટ્રીય ગીત છ શ્લોકોનું બનેલું છે અને તે સંસ્કૃત અને બંગાળીના મિશ્રણમાં લખાયેલું છે. તે સૌપ્રથમ ૧૮૯૬માં કલકત્તામાં જાહેરમાં ગવાયું હતું અને મૂળરૂપે બંકિમચંદ્રની પ્રખ્યાત નવલકથા આનંદમઠમાં દેખાયું હતું. દાયકાઓથી, આ ગીત ભારતની સ્વતંત્રતા ચળવળ અને રાષ્ટ્રીય ઓળખના સૌથી કાયમી પ્રતીકોમાંનું એક બની ગયું છે.

## ચીને LAC નજીક તહેનાત કર્યા ૧ ૨ J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : ભારત સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) સામે ચીનની સરહદે ચીની વાયુસેનાની મોટી હલચલ સામે આવી છે. સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો થયો છે કે ચીને ભારતીય સરહદ તરફ તેના બે એરબેઝ પર ઓછામાં ઓછા ૧ ૨ અત્યાધુનિક J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ તહેનાત કર્યા છે. તાજેતરના વર્ષોમાં સરહદ નજીક ફિફ્થ જનરેશન સ્ટીલ્થ વિમાનોનો આ સૌથી મોટો જમાવડો માનવામાં આવી રહ્યો છે.

વાન્ટોર નામની કોમર્શિયલ સેટેલાઈટ ફર્મ દ્વારા લેવાયેલી આ તસવીરોમાં પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (PLAAF) દ્વારા શિનજિયાંગના હોટાન એરબેઝ અને તિબેટના દામક્ષુંગ એરબેઝ પર આ વિમાનો તહેનાત કરાયેલા દેખાય છે. હોટાન એરબેઝ (શિનજિયાંગ): ૯ જુલાઈની તસવીરો અનુસાર, શિનજિયાંગ ઉઇઘુર સ્વાયત્ત વિસ્તારમાં આવેલા આ નાગરિક અને લશ્કરી (દ્વાર-ઉપયોગી) એરબેઝના ટારમેક (રન-વે) પર ૮ J-20 'માઈટી ડ્રેગન' સ્ટીલ્થ ફાઈટર પાર્ક કરેલા જોવા મળ્યા હતા. હોટાન એરબેઝ ઉત્તર લદાખમાં આવેલી ભારતીય વાયુસેનાની દૌલત બેગ ઓલ્ડી (DBO) નામની ફોરવર્ડ પોસ્ટ (સેનાની ચોકી) આશરે ૨૪૫ કિ.મી. અને લેહથી આશરે ૩૮૯ કિમી દૂર આવેલું છે.

દામક્ષુંગ એરબેઝ (તિબેટ): ૨૫ જૂનની અન્ય એક સેટેલાઈટ તસવીરમાં તિબેટના લ્હાસા પ્રદેશમાં આવેલા દામક્ષુંગ એરબેઝ પર વધુ ૪ J-20 વિમાનો પ્રોટેક્ટિવ કેનોપી કવર (રક્ષણાત્મક શેડ) નીચે પાર્ક થયેલા દેખાયા હતા. આ એરબેઝ અરુણાચલ પ્રદેશના તવાંગથી ઉત્તર-પશ્ચિમમાં આશરે ૩૪૪ કિમી દૂર છે. આમ, માત્ર બે સપ્તાહના સમયગાળામાં જ બંને લોકેશન પર મળીને કુલ ૧ ૨ જેટલા જ-૨૦ સ્ટીલ્થ ફાઈટર વિમાનો કેમેરામાં કેદ થયા છે.

### કેન્દ્ર સરકારે રાજ્યસભામાં UDISE+ ૨૦૨૫-૨૬ રિપોર્ટ રજૂ કર્યો

## દેશની ૧ લાખથી વધુ સ્કૂલોમાં એક જ શિક્ષક

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩૦ : દેશમાં શિક્ષણના સુધારા અને 'સબ પઢેં, સબ બઢેં'ના દાવાઓ વચ્ચે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યસભામાં રજૂ કરેલા અધિકૃત આંકડા મુજબ, દેશભરમાં ૧,૦૦,૮૪૩થી પણ વધુ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. રાજ્યસભામાં શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ આપેલા આ જવાબથી સ્પષ્ટ થાય છે કે, કાગળ પર વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર ભલે યોગ્ય દેખાતો હોય, પણ વાસ્તવમાં શિક્ષકોની ભારે અછત અને અસમાન ગોઠવણી છે.

યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE+) ૨૦૨૫-૨૬ના આંકડા અનુસાર, આ મામલે આંધ્ર પ્રદેશ દેશમાં સૌથી આગળ છે. રાજ્યમાં ૧૬,૩૫૭ શાળાઓ એવી છે જે માત્ર એક જ શિક્ષક દ્વારા ચલાવવામાં આવી રહી છે, જે રાષ્ટ્રીય આંકડાના ૧૬% કરતાં પણ વધુ છે. દેશની કુલ એક શિક્ષકવાળી શાળાઓમાંથી લગભગ ૬૫% શાળાઓ માત્ર ૭ રાજ્યોમાં જ આવેલી છે.

સૌથી વધુ અસરગ્રસ્ત ટોપ ૭ રાજ્યોઃ આંધ્ર પ્રદેશઃ ૧૬,૩૫૭ શાળાઓ, ઝારખંડઃ ૯,૮૨૭ શાળાઓહ, મહારાષ્ટ્રઃ ૯,૨૬૯ શાળાઓ, કર્ણાટકઃ ૮,૦૪૨ શાળાઓ, ઉત્તર પ્રદેશઃ ૭,૮૭૪ શાળાઓ, રાજસ્થાનઃ ૭,૨૦૦ શાળાઓ, પશ્ચિમ બંગાળઃ ૬,૭૬૯ શાળાઓ, અન્ય રાજ્યોની સ્થિતિ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રદેશો

**દેશભરમાં ૧,૦૦,૮૪૩થી વધુ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલે છે**

આ સમસ્યા માત્ર ચોક્કસ રાજ્યો પૂરતી સીમિત નથી, પરંતુ દેશના અન્ય ભાગોમાં પણ ફેલાયેલી છે. તેલંગાણામાં ૪,૭૯૩, તમિલનાડુમાં ૩,૯૫૭, અસમમાં ૩,૧૫૯, હિમાચલ પ્રદેશમાં ૩,૧૨૮, ઉત્તરાખંડમાં ૨,૬૫૫ અને છત્તીસગઢમાં ૨,૪૬૧ શાળાઓ એક શિક્ષકના ભરોસે ચાલે છે. બીજી તરફ કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિતિ પ્રમાણમાં ઘણી સારી છે. કેરળમાં આવી માત્ર ૬૭, નાગાલૅન્ડમાં ૩૫, સિક્કિમમાં ૩૧, લદ્દાખમાં ૨૮, દિલ્હીમાં ૭ અને અંદમાન-નિકોબારમાં માત્ર ૧ શાળા જ એક શિક્ષક પર નિર્ભર છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) હેઠળ દેશમાં સરેરાશ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર યોગ્ય મર્યાદામાં છે. પ્રાઈમરી લેવલે દર ૧૯ બાળકો પર ૧ શિક્ષક, અપર પ્રાઈમરીમાં દર ૧૭ બાળકો પર ૧, સેકન્ડરીમાં દર ૧૫ બાળકો પર ૧ અને હાયર સેકન્ડરીમાં દર ૨૩ બાળકો પર ૧ શિક્ષકની સરેરાશ છે. પરંતુ આ સરેરાશ આંકડા એ વાસ્તવિકતાને છુપાવે છે કે જમીની સ્તરે એક જ શિક્ષકને અભ્યાસ કરાવવાની સાથે સાથે વહીવટી કામગીરી, મિડ-ડે મીલની દેખરેખ અને અલગ-અલગ ધોરણના બાળકોને એકસાથે ભણાવવાની ફરજ પડે છે. સંસદમાં મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે શિક્ષકોની ભરતી, સેવાની શરતો અને શાળાઓમાં તેમની ગોઠવણી કરવાની જવાબદારી સંપૂર્ણપણે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોની હોય છે. શિક્ષકોની નિવૃત્તિ, રાજીનામા, નવા પદોનું સર્જન અને ગ્રામીણ કે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં થતા સતત ફેરફારને કારણે પદો ખાલી રહેતા હોય છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે રાજ્યોને પારદર્શક પ્રક્રિયા દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની સલાહ આપવામાં આવે છે અને 'સમગ્ર શિક્ષા' યોજના હેઠળ આ માટે નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે.

## પેપરની ચોરી કરનાર બચતા રહ્યા, મહેનત કરનાર માર ખાતા રહ્યાઃ ખડગે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦

રાજ્યસભામાં પબ્લિક એક્ઝામિનેશન (સંશોધન) બિલ, ૨૦૨૬ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના નિવેદન બાદ ભારે હોબાળો મચ્યો હતો. ખડગેએ પેપર લીક મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર નિશાન સાધ્યું અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા. જે બાદ ગૃહમાં ભારે હોબાળો મચી ગયો.

મલ્લિકાર્જુન ખડગેએ પોતાના ભાષણની શરૂઆત શાયરીથી કરી અને પેપર લીકની ઘટનાઓને લઈને સરકાર પર આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, પેપરની ચોરી કરનાર બચતા રહ્યા, મહેનત કરનાર માર ખાતા રહ્યા, આ કેવો ન્યાય, આ કેવી રીત, ગુનેગાર હસતા રહ્યા, માસૂમ રડતા રહ્યા. તેમણે કહ્યું કે, હું આવું એટલા માટે કહી રહ્યો છું કારણ કે પેપર લીકના કારણે હજારો વિદ્યાર્થીઓને નુકસાન થયું. હજારો માતા-પિતાઓ, હજારો મહિલાઓ અને બાળકો પરેશાન થયા છે અને માત્ર કડક કાયદો લાવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે.

## બાંગ્લાદેશ પરત ફરવા 'મોત પણ મંજૂર' : શેખ હસીના



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦


બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના ઓગસ્ટ ૨૦૨૪ માં સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા પછી ભારતમાં રહે છે. તેમણે જણાવ્યું છે કે તેઓ આ વર્ષના ડિસેમ્બર સુધીમાં પોતાના દેશ પાછા ફરવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું કે જો તેઓ પાછા ફરે તો તેમની ધરપકડ થઈ શકે છે, જેલમાં મોકલી શકાય છે અથવા જીવને પણ જોખમ છે. પરંતુ તેઓ હજુ પણ પાછા ફરવા માંગે છે. મળતી માહિતી અનુસાર ૭૮ વર્ષીય શેખ હસીના જેમણે ઈમેઈલ દ્વારા પ્રશ્નોના જવાબ આપ્યા હતા, તેમણે કહ્યું કે તેઓ તેમના સામનો કરેલા જોખમોથી વાકેફ છે. "મારી હત્યા થઈ શકે છે. મારી ધરપકડ થઈ શકે છે. મને કેદ કરી શકાય છે. હું મારી કિસ્મત અંગે બધુ જ ખબર છે. છતાં, હું પાછા ફરવા માંગુ છું કારણ કે મારા લોકો મને બોલાવી રહ્યા છે." ઓગસ્ટ ૨૦૨૪ માં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા વિશાળ વિરોધ પ્રદર્શન બાદ શેખ હસીનાની ૧૫ વર્ષ જૂની સરકાર પડી ગઈ. તે સમય દરમિયાન વિરોધીઓએ તેમના સત્તાવાર નિવાસસ્થાન પર હુમલો કર્યો, ત્યારબાદ તેઓ હેલિકોપ્ટર દ્વારા દેશ છોડીને ભારત પરત ફર્યા. સંયુક્ત રાષ્ટ્રના મતે સરકાર વિરુદ્ધના વિરોધ પ્રદર્શનો અને ત્યારબાદ થયેલા કાર્યવાહીમાં આશરે ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા. નવેમ્બર ૨૦૨૪ માં ઢાકાની એક કોર્ટે શેખ હસીનાને માનવતા વિરુદ્ધના ગુનાઓનો દોષી ઠેરવીને મૃત્યુદંડની સજા ફટકારી હતી. જોકે, શેખ હસીનાએ આ ચુકાદાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો, અને કહ્યું હતું કે તે કાયદાની આડમાં રાજકીય બદલો લેવાની કાર્યવાહી હતી. શેખ હસીનાએ જણાવ્યું હતું કે દેશમાં પાછા ફરવાના તેમના નિર્ણય પાછળ કોઈ બાહ્ય દબાણ નથી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં તેમનું રોકાણ આદરપૂર્ણ અને સલામત રહ્યું છે. તેમના મતે ભારતીય અધિકારીઓએ ક્યારેય તેમની સાથે પ્રત્યાર્પણની ચર્ચા કરી નથી. તેમણે કહ્યું, "હું ભારતમાં સંપૂર્ણ સન્માન અને ગરિમા સાથે રહું છું. ભારતીય અધિકારીઓએ મારી સાથે પ્રત્યાર્પણની ચર્ચા કરી નથી. મેં મારા દેશમાં પાછા ફરવાનો નિર્ણય જાતે લીધો છે."

## ભારતીય હોકી ટીમની ભગવા ટી-શર્ટ અંગે ભારે હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩૦ : ભારતીય હોકીની ઓળખ ગણાતી વાદળી જર્સી હવે ભૂતકાળ બનવાની છે. ૧૫ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનાર આગામી FIH હોકી વર્લ્ડ કપમાં ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમો પરંપરાગત વાદળી જર્સીને બદલે કેસરી જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ નિર્ણયથી રમતગમત જગતમાં ચર્ચા શરૂ થઈ છે, હોકી ઈન્ડિયા આની પાછળ ટેકનિકલ જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો છે, ત્યારે ભૂતપૂર્વ કેપ્ટન વિરેન રાસ્કિન્હાએ પ્રશ્નો ઉઠાવ્યા છે, તેને ભારતીય હોકીની ઓળખ સાથે જોડાયેલો મુદ્દો ગણાવ્યો છે. હોકી ઈન્ડિયાના મતે મોટાભાગની આંતરરાષ્ટ્રીય હોકી પિચમાં હવે વાદળી એસ્ટ્રોટર્ફ હોય છે. પરિણામે વાદળી જર્સી મેદાનના રંગ સાથે ભળી જાય છે, જે ખેલાડીઓની દૃશ્યતાને અસર કરે છે. સંસ્થાએ જણાવ્યું હતું કે કોચ અને ખેલાડીઓ તરફથી પ્રતિસાદ મળ્યા પછી પીળા અને કેસરી જેવા વિકલ્પો પર વિચાર કરવામાં આવ્યા હતા. આખરે કેસરી રંગ પસંદ કરવામાં આવ્યો કારણ કે તે માત્ર તકનીકી રીતે શ્રેષ્ઠ જ નથી પણ ભારતીય ત્રિરંગાનો એક મહત્વપૂર્ણ ભાગ પણ છે, જે હિંમત, બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે. નવી જર્સી ફક્ત રંગમાં ફેરફાર કરતાં વધુ છે, તેની ડિઝાઈન સ્પષ્ટપણે ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે.
જર્સી પર મંડલા કલાથી પ્રેરિત પેટર્ન દર્શાવવામાં આવી છે. જે અશોક ચક્રથી પ્રેરિત છે, જે પ્રગતિ, શાંતિ અને ધ્યાનનું પ્રતીક છે. છાતી પર સુદર્શન ચક્રનો આધુનિક ગ્રાફિક દેખાય છે, જે શક્તિ, એકતા અને ગતિનો સંદેશ આપે છે. ખભા અને બાંયમાં ત્રિરંગાના રંગોમાં પાઈપિંગ છે. આગળના ભાગમાં દેવનાગરી લિપિમાં ભારત લખેલું છે, જે દેશની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. કેસરી જર્સી ઉપરાંત ટીમ પાસે સફેદ જર્સી પણ હશે. વિવાદ વધતાં હોકી ઈન્ડિયાએ ધ્યાન દોર્યું કે ભૂતકાળમાં પણ ભારતીય હોકી જર્સીનો રંગ બદલાયો છે. ટીમે FIH વર્લ્ડ કપ ૨૦૧૪ દરમિયાન પીળી જર્સી પહેરી હતી. ૨૦૧૮ના વર્લ્ડ કપ માટે નવી ડિઝાઈનવાળી આછા વાદળી રંગની જર્સી અપનાવવામાં આવી હતી. સંગઠન જણાવે છે કે તકનીકી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સમયાંતરે કિટમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જોકે, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન વિરેન રાસ્કિન્હા આ નિર્ણય સાથે અસંમત છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખતા, તેમણે જણાવ્યું કે હોકી ઈન્ડિયાએ ભારતીય હોકી માટે ઘણું કર્યું છે પરંતુ આ નિર્ણયને નિરાશાજનક ગણાવ્યો.

## સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ હાઈ લેવલ કમિટી બનાવવાની રાહુલ ગાંધીની માગ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૩૦ : લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૦ જુલાઈએ વિદ્યાર્થીઓના આંદોલનમાં કથિત પેલેટ ગનનો ઉપયોગ કરવા મામલે કેન્દ્ર સરકાર અને સંબંધિત એજન્સીઓ પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માંગ કરીને કહ્યું કે, આ સમગ્ર ઘટના મામલે સુપ્રીમ કોર્ટના દેખરેખ હેઠળ સ્વતંત્ર હાઈલેવલ કમિટી બનાવવાની તપાસ થવી જોઈએ. દેખાવો દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા શેખ ઈરશાદ મંસૂરીનો મેડિકો લીગલ કેસ (MLC) રિપોર્ટ સામે આવ્યા બાદ રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ એક્સ પર લખ્યું છે કે, 'વિદ્યાર્થીઓને ન્યાય મળવો જોઈએ અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ એક સ્વતંત્ર હાઈ કમિટીની રચના કરવી જોઈએ અને વિદ્યાર્થીઓ પર થયેલી કથિત બર્બરતાની તપાસ થવી જોઈએ. ૨૫ વર્ષિય શેખ



ઈરશાદ મંસૂરીએ ૨૦ જુલાઈએ દેખાવો દરમિયાન કથિત પેલેટ ગનનો ઉપયોગ થયો હોવાનો આક્ષેપ કર્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર મંસૂરીનો મેડિકો-લીગલ કેસ (MLC) રિપોર્ટમાં અનેક મહત્ત્વનો ખુલાસો થયો છે. મીડિયા રિપોર્ટ મુજબ, સર્જરી વખતે મંસૂરીના માથામાંથી, ગળામાંથી, ચહેરા પરથી અને શરીરના કેટલાક ભાગોમાંથી ધાતુ કણો કાઢવામાં આવ્યા હતા.

## કોંગોમાં ઈબોલા વાઈરસનો ઍટેક : ૨૪ કલાકમાં ૫૦ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોંગો, તા.૩૦ : ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC)માં ઈબોલા વાયરસનો પ્રકોપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, જેને પગલે સંયુક્ત રાષ્ટ્ર (UN)ના બે વરિષ્ઠ અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને તાત્કાલિક ધોરણે રાહત પ્રયાસો વધારવા હાકલ કરી છે. કોંગોમાં આ રોગચાળો બચાવ કામગીરી કરતાં પણ વધુ ઝડપે ફેલાઈ રહ્યો છે. યુએનના વરિષ્ઠ ઈબોલા સંયોજક જ્યુલિયન હાર્નીસ અને વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (WFP)ના કાર્યકારી નિયામક કાર્લ સ્કાઉએ કોંગોના ઈતુરી પ્રાંતની રાજધાની બૂનિયાથી એક વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ ગંભીર



પરિસ્થિતિ અંગે વૈશ્વિક સમુદાયનું ધ્યાન દોર્યું હતું. ઉલ્લેખનીય છે કે, બૂનિયા હાલમાં આ ઈબોલા પ્રકોપનું મુખ્ય કેન્દ્ર બનેલું છે. અધિકારીઓએ આપેલા આંકડા મુજબ, કોંગોમાં માત્ર ૨૪ કલાકમાં ઈબોલાના કારણે ૫૦ લોકોના મોત થયા છે. અહીં દર ૨૦ દિવસે કેસની સંખ્યા બમણી થઈ રહી છે, જે બચાવ ટુકડીઓની કામગીરી કરતાં ઘણી વધારે સ્પીડથી

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## કપરાડા-નાનાપોંઢામાં પુરગ્રસ્તોને શૌર્ય રક્ષા ટ્રસ્ટ દ્વારા રાશન-કપડાનું વિતરણ કરાયું

**વાપી, તા.૩૦ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પૂરથી પ્રભાવિત પરિવારોને મદદરૂપ થવા માટે વાપીની શૌર્ય રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ અને જીજાઉ મહિલા સંગઠન તેમજ સંજયભાઈ શિંદે ટીમના સંયુક્ત પ્રયાસથી રાહત સામગ્રી એકત્ર કરીને વિતરણ કરવામાં આવી રહી છે.

આ સેવા કાર્ય અંતર્ગત આજે પૂરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું.

આયોજકોએ જણાવ્યું કે આ સેવા કાર્યને સફળ બનાવવા માટે તમામ સહયોગીઓ, સ્વયંસેવકો અને દાનદાતાઓનો હૃદયપૂર્વક આભાર. તેમના સહયોગથી જ મોટી સંખ્યામાં પરિવારો સુધી મદદ પહોંચાડી શકાઈ.આ સેવા કાર્યમાં રામચંદ્ર તાત, અંતેશ્વર બિરાદર, હનુમંત રાઉત, ધનંજય જાધવ, રાજેશ ચૌહાણ અને કુશલભાઈ વડુ, એક્સ પેરા મિલિટ્રી સહિતના અગ્રણીઓ જોડાયા હતા.



તો શૌર્યરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અશ્વિની રાણે, સંપદા સિંકર, પ્રદીપ સિંકર, પ્રિયંકા, વંદના ચૌધરી, જીજાઉ મહિલા સંગઠનના માયાતાઈ શિંદે અને દીપા તાઈ સોનવણેના નેતૃત્વમાં મહિલાઓએ પણ આ સેવાકાર્યમાં સક્રિય ભાગ લીધો. ટ્રસ્ટ અને સંગઠનના સંયુક્ત ઉપક્રમે નાનાપોંઢાના, વડખંભા, બાબર ખડક સહિત અનેક પૂરગ્રસ્ત ગામોમાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હજુ જરૂરિયાત મુજબ સેવા કર્યા ચાલુ છે.

**CHANGE OF NAME**

OLD NAME : NISHABEN JAGMOHAN KAPADI
NEW NAME : NISHA JAGMOHAN KAPADI
ADD : BLOCK NO 19 ROOM NO 3, BAHUMALI COMPLEX, SILVSSA 396 230

## વલસાડ કાંઠાનાં મીઠા અગરિયાઓને નુકસાનીને લઈ ધારાસભ્યની મુલાકાત



**વલસાડ, તા. ૩૦ :** વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા કાંઠા વિસ્તારમાં મીઠા અગરિયાઓને થયેલા નુકસાન અંગે સ્થાનિક અગરિયાઓ સાથે સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન અગરિયાઓ પાસેથી તેમની સમસ્યાઓ, થયેલા નુકસાન તેમજ તેમને પડતી મુશ્કેલીઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. મીઠા અગરિયાઓના પ્રશ્નોને લઈને થોડા સમય અગાઉ સંબંધિત મંત્રીમંડળ વિભાગ તેમજ જિલ્લા કલેક્ટર, વલસાડને લેખિત રજૂઆત પણ કરવામાં આવી હતી. અગરિયાઓને થયેલા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરી તેમને જરૂરી સહાય અને રાહત મળે તે માટે સરકાર સમક્ષ સતત રજૂઆત કરવામાં આવી રહી છે.ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, અગરિયા સમાજના હિત અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર ગંભીર છે. અગરિયાઓને મુશ્કેલીના સમયમાં એકલા છોડવામાં નહીં આવે અને તેમને યોગ્ય સહાય મળે તે માટે જરૂરી તમામ પ્રયાસો કરવામાં આવશે.

### વેપારીઓ, લારી-ગલ્લાધારકો અને અન્ય અસરગ્રસ્તોને આર્થિક સહાય આપશે

# ગુજરાત સરકાર વલસાડ-નવસારી પૂરગ્રસ્તોની વ્હારે આવી

### ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે : જીતુભાઈ વાઘાણી





**વલસાડ, તા.૩૦ :** અતિ ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત વલસાડ અને નવસારી જિલ્લાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને અન્ય અસરગ્રસ્તોને સુરત અને અમદાવાદની તરાહ પર જ આર્થિક સહાય ચૂકવવામાં આવશે, તેમ પ્રવક્તામંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વલસાડ અને નવસારી જિલ્લામાં નોધાયેલા અસાધારણ વરસાદને ધ્યાનમાં રાખી બંને જિલ્લાઓને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે.

વલસાડ ખાતે મીડિયા સાથેની મુલાકાતમાં પ્રવકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, ઘાસચારાની અછત દૂર કરવા કલેક્ટરને તાત્કાલિક નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. અસરગ્રસ્તોને આ મહિનાથી જ રાશન સહાય આપવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ પ્રવક્તામંત્રીએ જણાવ્યું.

જીતુભાઈ વાઘાણીએ સ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું કે, દોઢ- બે દિવસમાં એક સાથે આટલો વરસાદ પડી જાય એ અસાધારણ ઘટના છે. તેમણે કહ્યું કે કદાચ ભારતમાં આટલો ભારે વરસાદ બહુ ઓછા સ્થળોએ પડ્યો હશે અને આ કટોકટીની સ્થિતિમાં રાજ્ય સરકાર નાગરિકોની પડખે છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહિનાથી જ રાશન આપવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. મંત્રીશ્રીએ કહ્યું કે, નવસારી અને વલસાડ જિલ્લામાં ખેતીઅને બાગાયતમાં જે નુકશાન થયું છે, તેનો સર્વે કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણ અનુસાર મદદ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે બાગાયતી પાકોમાં જે છોડ-વૃક્ષને નુકશાન થયું છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી બચાવવા પ્રયાસ કરવામાં આવશે. પુર દરમિયાન એનજીઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો અને સ્થાનિક નાગરિકોના સેવાભાવનાને મંત્રીશ્રીએ બિરદાવી હતી.

રાજ્ય સરકારે વલસાડ અને નવસારી જિલ્લાના નાગરિકોને વિશ્વાસ આપ્યો છે કે આ કુદરતી આપત્તિમાંથી ઝડપથી બહાર લાવવા માટે તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને દરેક અસરગ્રસ્ત સુધી સહાય પહોંચાડવામાં આવશે.

વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે ૧૮,૦૦૦ લાભાર્થીઓને રૂા. ૩.૫૦ કરોડની કેશડોલ સહાય, રૂા. ૯.૫૦ કરોડની ઘરવખરી સહાય તથા મકાન સહાય સહિત વિવિધ પ્રકારની રાહત પહોંચાડવામાં આવી છે. કૃષિ મંત્રીશ્રીએ આજે ઉમરગામ તાલુકાના મોહનગામ અને પારડીના તીઘરા ગામની મુલાકાત લીધી હતી. તેમની સાથે રાજ્યના નાણા સહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ,ખાદી,કુટીર અને ગ્રામ ઉદ્યોગ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

બાગાયતી વૃક્ષોને શક્ય હોય ત્યાં સુધી બચાવવા વૈજ્ઞાનિક પદ્ધતિથી જતન કરવાની સૂચના આપવામાં આવી છે અને સર્વે દરમિયાન આવા વૃક્ષોને પણ યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવશે. એનજીઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો અને સ્થાનિક નાગરિકોના સેવાભાવની રાજ્ય સરકારે પ્રશંસા કરી છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકાર દરેક અસરગ્રસ્ત પરિવારને પુનઃસ્થાપિત કરવા માટે સતત તેમની પડખે ઊભી રહેશે અને જરૂરિયાત મુજબ વધારાની સહાય અંગે પણ સંવેદનશીલ અભિગમ અપનાવવામાં આવશે. રાજ્ય સરકારે વલસાડ અને નવસારી જિલ્લાના નાગરિકોને વિશ્વાસ આપ્યો છે કે આ કુદરતી આપત્તિમાંથી ઝડપથી બહાર લાવવા માટે તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને દરેક અસરગ્રસ્ત સુધી સહાય પહોંચાડવામાં આવશે.

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement, Supplying and Installation of Transformer, DG & STP in Ayush Hospital at Pati, DNH
On line downloading start of tender documents 24.07.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 01.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 01.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 01.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8172_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/475 Dtd.24/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/369 DATED :30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement and Plantation of Indoor-Outdoor Ornamental Plants at NAMO Hospital & Khanvel Hospital in the UT of DNH.
On line downloading start of tender documents 29.07.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 06.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 06.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 06.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8187_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/482 Dtd.29/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/373 DATED :30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
PWD CIVIL DIVISION NO.III (DP)
NOTICE INVITING TENDER
Construction of Retaining Wall for Box Culvert Causeway at Lherdi Kashpada in DNH

| | |
|---|---|
| Tender No. | 10 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8183_1 |
| On line downloading start of tender documents | 29/07/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949
EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/503 Dt.29/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/377 DATED : 30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement of Furniture for District Prison at Randha, D&NH.
On line downloading start of tender documents 30.07.2026 @ 09.00 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 07.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 07.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 07.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8188_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/484 Dtd.30/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/374 DATED :30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement and Supplying Hospitality Items With Indoor Ornamental Plantation in Ayush Hospital at Pati, DNH
On line downloading start of tender documents 29.07.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 06.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 06.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 06.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8186_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/482 Dtd.29/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/372 DATED :30/07/2026

**NOTICE INVITING TENDER**
Name of work :- "Widening and Reconstruction of Road from (a) Dadra to Demani (Ch.00+000 to Ch. 01+702), (b) Dadra-Vaghdhara Road (Ch. 00+000 to Ch. 01+925) and (c) Kanadi to Zaroli border (Ch. 00+000 to Ch. 02+323). (2nd Call)."
Tender Notice No. : 09 of 2026-27
On line downloading start of tender documents : 29.07.2026 09.00 Hrs
Pre Bid Meeting : 03.08.2026 12.00 Hrs
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 18.08.2026 12.00 Hrs
Online Opening of Technical Bid : 18.08.2026 15.30 Hrs
On line opening of Price Bid : 18.08.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8180_1
Outward No. :3-2(18)/PWD.II/Road/554 dt:29.07.2026
For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041
NO.: IP/DMN/2/5/2026-27/375 DATED :30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement and Plantation of Plants for Afforestation & Installation of Irrigation System in Ayush Hospital at Pati, DNH
On line downloading start of tender documents 29.07.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 06.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 06.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 06.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8185_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/482 Dtd.29/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/371 DATED :30/07/2026

**NOTICE INVITING TENDER**
Name of work :- "Widening and Reconstruction of Rakholi to Karad Road at Silvass (Ch. 0+925) (2nd Call)."
Tender Notice No. : 09 of 2026-27
On line downloading start of tender documents : 29.07.2026 09.00 Hrs
Pre Bid Meeting : 03.08.2026 12.00 Hrs
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 18.08.2026 12.00 Hrs
Online Opening of Technical Bid : 18.08.2026 15.30 Hrs
On line opening of Price Bid : 18.08.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8182_1
Outward No. :3-2(18)/PWD.II/Road/554 dt:29.07.2026
For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041
NO.: IP/DMN/2/5/2026-27/376 DATED :30/07/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
Public Works Department
NOTICE INVITING TENDER
Procurement and Installation of CCTV, Nurse Calling System, Access Control, Fire Pump, Swimming Pool Filtration System in Ayush Hospital at Pati, DNH.
On line downloading start of tender documents 29.07.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 06.08.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 06.08.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 06.08.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8184_1
I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/482 Dtd.29/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/370 DATED :30/07/2026

**જાહેર નોટીસ / સમન્સ**
**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૭/૨૦૨૬**
**અરજદાર :** ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા
**રહે.** કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી**
આ કામના અરજદારશ્રી **ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા** રહે. કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદા **મગનલાલ કુંવરજીભાઈ કંસારા (ભરતીયા)**નું મરણ મોજે, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૨૦/૦૬/૧૯૭૮ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.
તા.૨૦/૦૭/૨૦૨૬
સ્થળ : વાંસદા
કોર્ટનો સિક્કો
સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

**જાહેર નોટીસ / સમન્સ**
**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૫/૨૦૨૬**
**અરજદાર :** ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા
**રહે.** કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી**
આ કામના અરજદારશ્રી **ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા** રહે. કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદી **હરિગંગા મગનલાલ કંસારા (ભરતીયા)**નું મરણ મોજે, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૨૦/૦૬/૧૯૭૮ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.
તા.૨૦/૦૭/૨૦૨૬
સ્થળ : વાંસદા
કોર્ટનો સિક્કો
સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

No.MAM/KNVL/RBD-DNH/181/2026/963 Dated: 17/07/2026
APPLICANT - SHRI CHHANIYABHAI KURSHANBHAI FARARA
R/o. Fararpada, Dapada, DNH
Mob.: 9106744759/6355744306
V/S
OPPONENTS - Registrar of Birth & Death, Dapada.
**NOTICE**
The public to take note that applicant Shri Chhaniyabhai Kurshanbhai Farara, R/o. Fararpada, Dapada, DNH has applied for registration of the birth of his daughter namely Sivani Chhaniya Farara, D/o. Savitaben Chhaniya Farara, who was born on 04/10/2013 at Fararpada, Dapada, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Khanvel.
Therefore, the applicant has requested to issue an order to register birth of his daughter namely Sivani Chhaniya Farara, D/o. Savitaben Chhaniya Farara.
Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.
Sd/-
Circle Inspector
Dadra and Nagar Haveli, Khanvel.

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
દિવાળી ધમાકા
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200




Friday 31, July 2026

# દમણગંગા ટાઈમ્સ

## ચીખલી-સરૈયાની વૃધ્ધાનો આપઘાત

**ચીખલીતા.૩૦ :** ચીખલી તાલુકાના સરૈયા ગામે એક આદિવાસી મહિલા પ્રેશરની બીમારીથી કંટાળી જઈ એસિડ પી લેતા સારવાર દરમિયાન મોત નીપજ્યું.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સરૈયા નવા ફળિયા ખાતે રહેતી લીલાબેન દિનેશભાઈ હળપતિ ઉ.વ. ૭૭ જે છેલ્લા ઘણા સમયથી પ્રેશરની બીમારીથી પીડાતી હોય જેણે ઘરમાં રાખેલ એસિડ પી લીધું હતું જેને સૌપ્રથમ સારવાર ટાંકલ દવાખાના માં આપ્યા બાદ વધુ સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## દમણમાં સગીરા પર દુષ્કર્મ આચારનાર ઈસમને કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૩૦ :** નાની દમણ વિસ્તારમાં ૧૬ મહિનાની માસૂમ બાળકી પર બળાત્કાર કરવાના આરોપીને જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ તિવારીની કોર્ટે દોષિત ઠેરવ્યો છે અને તેને ૨૦ વર્ષની સખત કેદ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ કેસ ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ (એફઆઈઆર તારીખે ૧૯/૦૧/૨૦૨૩, ગુનો નં. ૯/૨૩) નો છે. ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના વતની અને આરોપી દિલીપ રામચંદ્ર ગૌતમ (જે પોતે ૪ બાળકોનો પિતા છે) એ દારૂના નશામાં આ ક્રૂરતા આચરી હતી. માસૂમ બાળકી તેની માતા પાસે બેઠી હતી ત્યારે આરોપી તેને બિસ્કિટ આપવાના બહાને પોતાની સાથે લઈ ગયો. જ્યારે છોકરી લાંબા સમય સુધી દેખાઈ નહીં, ત્યારે માતાએ તેની શોધ શરૂ કરી. થોડા સમય પછી, આરોપીએ બાળકીને ઉપાડી લીધી અને તેને પાછી લાવી, પરંતુ છોકરીના ગુપ્તાંગમાંથી લોહી વહેતું હતું. આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો. તબીબી તપાસમાં છોકરીના ગુપ્તાંગ પર ગંભીર ઈજા અને કોઈ વસ્તુનો ઉપયોગ થયાની પુષ્ટિ થઈ. નક્કર પુરાવા અને પોલીસ દ્વારા ઝડપી કાર્યવાહીને કારણે દોષિત ઠેરવવામાં આવ્યો. આ કેસની તપાસ SHO/PSI વિશાલ પટેલ અને ઈન્ચાર્જ ઓફિસર-ઇન-ચાર્જ ધનજી દુબારિયાની ટીમ દ્વારા કાળજીપૂર્વક કરવામાં આવી હતી. ઘટનાના એક મહિના પછી, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.ટ્રાયલ દરમિયાન, પોલીસે કોર્ટ સમક્ષ ખૂબ જ મજબૂત કેસ રજૂ કર્યો. આ કેસ ૧૦ સાક્ષીઓના નિવેદનો અને ફોરેન્સિક પુરાવાઓના આધારે, બાળકને લઈ જતા આરોપીના ફૂટેજ, FSL રિપોર્ટમાં, આરોપી અને માસૂમ છોકરી બંનેના કપડાં પરના લોહીના ડાઘ (લોહીના નમૂના) મેચ થયા. કેસની સંવેદનશીલતાને કારણે આરોપીને અગાઉ જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (હવે ફોજદારી કાર્યવાહી સંહિતાની સંબંધિત કલમો) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમની કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી.

આ કેસમાં સરકારી સરકારી વકીલ હરિઓમ ઉપાધ્યાયે જોરદાર હિમાયત કરી અને ગુનેગારને જેલના સળિયા પાછળ ધકેલી દીધો.

## આલીપોર હાઈવે પર ટ્રક અડફટે બાઈક સવારનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૩૦ :** ચીખલી આલીપોર ઓવરબ્રિજ નીચે ચીખલી થી નવસારી તરફ જતા સર્વિસ રોડ ઉપર સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એક અશોક લેલન ટ્રક નંબર એમએચ ૪૬ બીએફ ૧૪૨૨ ના ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ ચાલતી સ્પેલન્ડર મોટરસાયકલ નંબર જીજે ૨૧ બીબી ૪૯૮૦ ઉપર સવાર સુમનભાઈ ખાલપાભાઈ પટેલ ઉ.વ.૫૪ રહે. રાનવેરી ખુર્દ ઝાડી ફળિયા તા. ચીખલી જે પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન ટ્રક ચાલકે ટુ વ્હીલર સવાર ને પાછળથી ટક્કર મારતા ટુ વ્હીલર સવાર રોડ ઉપર પટકાતા જેને પગમાં, હાથમાં તથા માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને GIDCથમ સારવાર ખાનગી હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે સુરત લઈ જવાતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાતા ચીખલી પોલીસે ટ્રક ચાલક વિરુધ ગુનો નોંધી આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઇ આર એન વાડલે કરી રહ્યા છે.

## પારડી હાઈવેની ખુલ્લી ગટરમાં વિદ્યાર્થી પટકાતા ઈજા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૩૦ :** પારડી હાઈવે પર સર્વિસ રોડ સાઈડ આવેલી ડ્રેનેજના ખુલ્લા ઢાંકણાના કારણે અવારનવાર પશુઓ અને માણસોના પડવાની ઘટનાઓ બની રહી છે ત્યારે ફરી એકવાર પારડી કુમાર શાળા અને મહેતા હોસ્પિટલ નજીક સાયકલ સાથે એક બાળક અંદર પડી ગયો હતો અકસ્માતમાં સદનસીબે એનો બચાવ થયો છે મળતી માહિતી અનુસાર પારડી નેશનલ હાઈવે ૪૮ સર્વિસ રોડ ના બંને સાઈડ આવેલ ડ્રેનેજ પર ઢાંકણા ના અભાવે શાળાએ જઈ રહેલો ધોરણ-૫ નો માસૂમ વિદ્યાર્થી સાયકલ પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે સર્વિસ રોડ પર ખુલ્લી ગટરમાં સાયકલ સાથે સીધો ગરકાવ થઈ ગયો હતો. ઘટના સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત રિક્ષાચાલકે તુરંત પોતાની રિક્ષા ઊભી રાખીને બાળકને ગટરમાંથી બહાર કાઢી મોટો અનર્થ થતાં અટકાવ્યો હતો. આ દુર્ઘટનામાં માસૂમ બાળકના માથાના ભાગે અને શરીર પર નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેના પગલે તેને તુરંત નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

## ધરમપુર પોલીસે ખોવાયેલા ૩૩ ફોન મૂળ માલિકોને પરત સોંપ્યા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ધરમપુર, તા.૩૦ :** રાજ્ય પોલીસ વડાની પહેલ તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત ધરમપુર પોલીસે નોંધપાત્ર કામગીરી કરી છે. CEIR પોર્ટલની મદદથી ખોવાયેલા અને મળી આવેલા મોબાઈલ ફોનની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરીને કુલ ૩૩ મોબાઈલ ફોન, અંદાજિત રૂ. ૩,૬૦,૫૦૦ની કિંમતના, તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા.

ધરમપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી. ના માર્ગદર્શન હેઠળ ધરમપુર પોલીસ સ્ટેશનના પી આઈ એન.ઝેડ. ભોયા અને પી એસ આઈ વી.એ. વસાવાની સલાહ સુચનો અનુસાર આ કામગીરીમાં હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ જાદવ, પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ છગનભાઈ અને આર.પી.સી. રાજભાઈ ગમનભાઈ સહિતની પોલીસ ટીમે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## વાપીમાં પાર્કિંગ મુદ્દે કાર ચાલકે રિક્ષા ચાલકને ઢીબી નાંખ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૩૦ :** વાપી GIDC વિસ્તારમાં રિક્ષા પાર્કિંગને લઈને થયેલી બોલાચાલીમાં રિક્ષાચાલકને માર મારીને ગાળો આપવા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદી નાનાભાઈ તાન્હાજી નિકમ ઉ.વ. ૪૨, રહે. ટ્રાર્કા એપાર્ટમેન્ટ, રૂમ નં. ૩૦૩, વાપી GIDC, મૂળ રહે. પિંપરી, ચાલીસગાવ, જિ. જલગાવ, મહારાષ્ટ્રએ જણાવ્યું કે તેઓ ગઈકાલે સવારે આશરે ૯ વાગ્યે તેઓ વાપી GIDC ચાર રસ્તા પર પેરેડાઇઝ હોટલ પાસે રિક્ષા સ્ટેન્ડ પર રિક્ષા લાઇનમાં લગાવીને ઉભા હતા. તે દરમિયાન સવારે ૯:૧૦ વાગ્યે એક વાઈટ કલરની કિયા કેરેન્સ કાર પેરેડાઇઝ હોટલ સામેના પાર્કિંગમાંથી રિવર્સમાં બહાર આવી રહી હતી. આ દરમિયાન કાર ચાલક હબીબુર રહેમાન એ. ચૌધરીએ ફરિયાદીને રિક્ષા આગળ ખસેડી લેવાનું કહ્યું હતું.

ફરિયાદીના જણાવ્યા મુજબ તેમણે કહ્યું કે તેમનો ફેરો મારવાનો વારો છે તેથી રિક્ષા હટાવી શકશે નહીં. આ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ત્યારબાદ આરોપીએ મોહમ્મદ સિદ્દીકી અબ્દુરહેમાન ચૌધરીને બોલાવ્યા હતા અને બંનેએ મળીને ફરિયાદીને ઢીક-મુક્કાનો માર માર્યો હતો. તેમજ નાલાયક ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી ભાગી ગયા હતા.

ઘટના બાદ ફરિયાદીએ સારવાર લીધી હતી અને પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ પોલીસ સ્ટેશને આવીને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## વાપીના વેપારી પાસે ૨.૧૨ કરોડ પડાવનાર એકની ધરપકડ

### ૭૩/AA વાળી જમીનના કામ માટે ગાંધીનગરના અધિકારી સાથે ઓળખાણ હોવાનું કહી પૈસા પડાવ્યા હતાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૩૦ :** વાપીના જમીન ખરીદ-વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી ઉત્પલભાઈ બળદેવભાઈ પારેખેએ જમીનની પરવાનગી અપાવવાના બહાને રૂ. ૨.૧૨ કરોડથી વધુની છેતરપિંડી થયાની ફરિયાદ ગઈકાલે વાપી જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધીને એકની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ ઉત્પલભાઈ છેલ્લા ૫ વર્ષથી વલસાડ જિલ્લામાં ૭૩/એએ અને વાણી જમીનના વેચાણ માટે કલેક્ટર અને મહેસૂલ વિભાગની પરવાનગીનું કામ કરે છે. વર્ષ ૨૦૨૪માં વાપી તાલુકાની એક જમીનની ફાઈલ અંગે તેમનો સંપર્ક વાપીના રાજેશ ગૌતમ સાથે થયો હતો. રાજેશે પોતાની ઓળખ ગાંધીનગર સચિવાલયમાં કામ કરતા કન્સલ્ટન્ટ તરીકે આપી હતી.

ઉત્પલભાઈને તા. ૧૪/૦૩/૨૦૨૪ના રોજ રાજેશ ગાંધીનગર લઈ ગયો હતો. ત્યાં રાજેન્દ્ર એમ. જેકડિયા નામના વ્યક્તિને મળાવ્યો હતો. રાજેન્દ્રએ પોતાને મહેસૂલ વિભાગના વર્ગ-૨ના અધિકારી તરીકે ઓળખ આપી અને ૩ મહિનામાં કામ પૂર્ણ કરાવી આપવાની બાંહેધરી આપી હતી. આરોપીઓએ અલગ-અલગ તારીખે રોકડ અને ઓનલાઈન મળીને અત્યાર સુધીમાં કુલ રૂ. ૨.૧૨ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. કામ ન થતાં છેતરપિંડીનો ભોગ બન્યાનું સમજાતા ઉત્પલભાઈએ ફરિયાદ કરી હતી. ગુનો નોંધાયા બાદ વાપી જીઆઇડીસી પોલીસે ત્રણમાંથી એક આરોપી રાજેન્દ્ર જેકડિયાની ધરપકડ કરી છે અને બાકીના બે આરોપીઓની શોધખોળ તથા વધુ તપાસ હાથ ધરી છે.

## ડુંગરા બુલેટ ટ્રેન-સ્ક્રેપ ચોરીમાં આરોપીના જામીન રદ

**વાપી, તા.૩૦ :** વાપીના બીજા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ડુંગરા પોલીસે આ ગુનામાં આરોપી હેમંતસિંહ ઈન્દ્રજીતસિંહની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ આરોપીએ રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અરજી કરી હતી.

સરકારી પક્ષે આ કેસમાં સરકારી વકીલ અનિલ ત્રિપાઠી એ કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન જેવા રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટના સાધન-સામગ્રીની ચોરી એ ગંભીર ગુનો છે. આ પ્રકારની ઘટનાઓથી સરકારી મિલકતને મોટું નુકસાન થાય છે અને પ્રોજેક્ટના કામમાં પણ અવરોધ ઉભો થાય છે. આરોપી છૂટી જાય તો પુરાવા સાથે ચેડા થવાની અને ફરીથી આવો ગુનો કરવાની શક્યતા રહેલી છે. સરકારી વકીલની આ દલીલો અને કેસની ગંભીરતા ધ્યાનમાં રાખીને માનનીય કોર્ટે આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

## વાપીમાં ૫૦૫ બોટલ રક્તદાન દ્વારા સ્વ. મંજુ દાયમાને સાચી શ્રદ્ધાંજલિ આપી





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૩૦ :** કોઈની સ્મૃતિને જીવંત રાખવાનો શ્રેષ્ઠ માર્ગ સમાજની સેવા કરવાનો છે. આ ભાવનાને મૂર્તિમંત કરતા, રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટે ગુરુવારે વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ કાઉન્સિલર સ્વર્ગસ્થ મંજુ દાયમાની ૧૯મી પુણ્યતિથિ નિમિત્તે રાજસ્થાન ભવન ખાતે એક વિશાળ રક્તદાન શિબિર અને રક્તવીર સન્માન સમારોહનું આયોજન કર્યું. સમુદાયના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, ૫૦૫ યુનિટ રક્તદાન કરીને માનવતાનું ઉદાહરણ સ્થાપિત કર્યું. ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, VIA પ્રમુખ સતીશ પટેલ, રાજસ્થાન પ્રગતિ મંડળના પ્રમુખ શ્રવણ નૈન, ટ્રસ્ટી રાજેશ દુગ્ગડ, બી.કે. દાયમા વાપી પાલિકાના સભ્ય મનીષા દાયમા અને મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો અને રક્તદાતાઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. પ્રરક્તદાન નવું જીવન આપે છે

નાણામંત્રી કનુ દેસાઈએ અનેક રક્તદાતાઓને રક્તવીર સન્માનથી સન્માનિત કરતા કહ્યું કે દરેક પ્રકારનું દાન પુણ્ય લાવે છે, પરંતુ રક્તદાન એ વ્યક્તિને નવું જીવન આપે છે. રક્ત મેળવનારને ખબર પણ નથી હોતી કે તેમનો જીવ કોણ બચાવશે, તેથી, રક્તદાન એ નિઃસ્વાર્થ સેવા અને અનામી દાનનું સર્વોચ્ચ સ્વરૂપ છે. તેમણે રાજસ્થાન પ્રગતિ મંડળ અને ડાયમા પરિવારની પહેલની પ્રશંસા કરતા કહ્યું કે આવા કાર્યક્રમો સમાજમાં સેવા અને સંવેદનશીલતાની ભાવનાને મજબૂત બનાવે છે. તેમણે રાજસ્થાની સમાજને હંમેશા સામાજિક ચિંતાઓમાં મોખરે ગણાવ્યો. આ પ્રસંગે બી.કે. દાયમાએ કહ્યું કે સ્વર્ગસ્થ મંજુ દાયમા તેમના સમગ્ર જીવન દરમિયાન રક્તદાન અને સમાજસેવામાં સામેલ રહ્યા હતા. તેમના મૃત્યુ પછી પણ, તેમની યાદમાં દર વર્ષે રક્તદાન શિબિરોનું આયોજન કરીને જરૂરિયાતમંદોની સેવા કરવાની પ્રતિબદ્ધતા પૂર્ણ થઈ રહી છે. તેમણે કહ્યું કે ફેક્ટરી કે પ્રયોગશાળામાં રક્ત ઉત્પન્ન થઈ શકતું નથી; તે ફક્ત સ્વૈચ્છિક રક્તદાન દ્વારા જ ઉપલબ્ધ થાય છે. તેથી, દરેક સ્વસ્થ વ્યક્તિએ નિયમિતપણે રક્તદાન કરવા આગળ આવવું જોઈએ. તેમણે અહેવાલ આપ્યો કે આ વર્ષના શિબિરમાં મહિલાઓ અને યુવાનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

૫૦૫ યુનિટ રક્ત એકત્ર થતાં, આ કાર્યક્રમે સ્વર્ગસ્થ મંજુ દાયમાને સાચી શ્રદ્ધાંજલિ આપી, પરંતુ સમાજને માનવતા, સેવા અને જીવનરક્ષકનો પ્રેરણાદાયક સંદેશ પણ આપ્યો.

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો. ઓપ. હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**